**આજનો સુવિચાર**

સારા માલિકની ઓળખાણ એ છે કે એનો નોકર પણ એના ભરપેટ વખાણ કરે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૯ જૂનાગઢ તા.૧૫-૦૧-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 29, Junagadh : Date : 15 January, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




# મહાકુંભમાં ૩.૫ કરોડ શ્રધ્ધાળુઓએ અમૃત સ્નાન કર્યું

પ્રયાગરાજ તા.૧૫

પ્રયાગરાજ મહાકૂંભમાં મકર સંક્રાતિના મહા શાહીસ્નાનમાં કડકડતી ઠંડી વચ્ચે પણ શ્રધ્ધાનો સમંદર ઘુઘવ્યો હતો. ૩.૫ કરોડથી વધુ ભાવિકોએ પવિત્ર ડુબકી લગાવી હતી અને સર્વત્ર હર હર ગંગે અને મહાદેવનાં જયઘોષ સાતે અલૌકીક માહોલ સર્જાયો હતો. કાતિલ ઠંડીથી હાર્ટએટેક જેવી ઘટનાઓમાં ૬ શ્રધ્ધાળુઓના મોત થયા હતા અને અનેકને આરોગ્ય સમસ્યા સર્જાતા સારવાર આપવામાં આવી હતી.

મહાકુંભમાં મકર સંક્રાતિના પ્રથમ શાહી સ્નાનમાં સુર્યોદય પૂર્વે જ સનાતન ધર્મનાં ધ્વજવાહન ૧૩ અખાડાઓનાં સાધુસંતો તથા નાગા સન્યાસીઓ અમૃત સ્નાન માટે પહોંચી ગયા હતા સૌ પ્રથમ મહાનિર્વાણી તથા અટલ અખાડાનાં સન્યાસીઓએ અમૃતસ્નાન કર્યું હતું અને ત્યારબાદ ક્રમવાર ૧૩ અખાડાનાં સાધુ સંતોએ ગંગામાં ડુબકી લગાવી હતી.

## ઠંડીને કારણે ૬ યાત્રિકોના મૃત્યુ નિપજયા



# સમગ્ર રાજયમાં ઉતરાયણની ભારે ઉલ્લાસ સાથે ઉજવણી કરાઈ

# પતંગના કાતિલ દોરાને કારણે ૬ લોકોની જીંદગીની દોર કપાઈ

અમદાવાદ તા.૧૫

સમગ્ર ગુજરાતમાં ગઈકાલે અને આજે ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. તેની વચ્ચે પતંગની દોરીના કારણે ૬ લોકોએ જીવ ગુમાવવાનો પણ વારો આવ્યો છે. તો અનેક લોકોના ગળા કપાતા સારવાર માટે ખસેડવાની ફરજ પડી છે. સવારથી જ અલગ અલગ શહેરોમાંથી ઈમરજન્સી ફરિયાદો મળતા ૧૦૮ એમ્બ્યુલન્સ દોડતી રહી છે. રાત્રે ૯ વાગ્યા સુધીમાં રાજયમાં ૧૦૮ને ૪૨૫૬ ઈમરજન્સી કોલ મળી ચૂક્યા છે, ત્યારે આ અંકડામાં વધારો થવાની શક્યતા છે.

રાજયમાં મકરસંક્રાતિની ઉજવણી વચ્ચે પતંગની દોરીના કારણે જ ૬ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. રાજકોટમાં પતંગની દોરીના કારણે એક બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. જયારે બીજો બનાવ સુરેન્દ્રનગરના પાટડીના ઓડુ ગામના ઈશ્વરભાઈ ઠાકોરનું પણ પતંગની દોરીના કારણે મોત નિપજ્યું હતું. ત્રીજો બનાવ હાલોલના રાહતલાવ ગામના પાંચ વર્ષીય કુણાલનું પતંગની દોરીથી ગળું કપાવાને કારણે મૃત્યુ થયું છે. પરેશભાઈ તેમના પુત્ર કુણાલને ટુ વ્હીલર પર બેસાડીને પનોરમા ચોકડી પાસે ફુગ્ગા ખરીદવા જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમની આગળ પતંગની દોરી આવી ગઈ, જે આગળ બેઠેલા કુણાલના ગળામાં ભરાઈ ગઈ હતી. દોરી ઘસાવાથી બાળકનું ગળું ગંભીર રીતે કપાઈ ગયું હતું. ઈજાગ્રસ્ત કુણાલને તાત્કાલિક હાલોલની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ડૉક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ બાળકનું મોત નીપજ્યું હતું. ચોથો બનાવ કડીના કસ્બા વિસ્તારમાં આવેલ વીજતાર પર પડેલી પતંગની દોરીને દૂર કરવા જતાં મહિલાને કરંટ લાગ્યો હતો. આ દરમિયાન મહિલાને બચાવવા ગયેલા ભાઈને કરંટ લાગતા કરુણ મોત નીપજ્યું હતું. જયારે રાજયમાં પતંગને લગતા બનાવોમાં સેંકડો લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

**રોટ.. રોટ.. રોટ..**

પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# દિલ્હી સહિત ૧૭ રાજયોમાં ગાઢ ધુમ્મસનું આવરણ : દિલ્હીમાં શૂન્ય વિઝીબીલીટી

નવી દિલ્હી,તા.૧૫

દેશના અનેક રાજયોમાં હવામાનમાં અસામાન્ય ફેરફારો જોવા મળી રહ્યા છે. પાટનગર દિલ્હીમાં આજે ફરી ગાઢ ધુમ્મસનું આવરણ છવાઈ ગયુ હતું અને દિલ્હી ગાયબ થઈ ગયાનો માહોલ ઉભો થયો હતો. દેશના ૧૭ રાજયોમાં ગાઢ ધુમ્મસને કારણે વાહન વ્યવહારથી માંડીને જનજીવન પ્રભાવીત થયુ હતું. આગામી બે દિવસ પર્વતીય રાજયોમાં હિમવર્ષા સાથે હવામાન ખરાબ બનવાની ચેતવણી આપવામાં આવી છે.

પાટનગર દિલ્હી તથા એનસીઆરમાં આજે ફરી મૌસમે કરવટ બદલી હતી અને સમગ્ર ક્ષેત્ર ગાઢ ધુમ્મસના આવરણના આગોશમાં સમાઈ ગયુ હતું.

# ભારતના ચૂંટણી પરિણામો અંગે વિવાદાસ્પદ નિવેદન કરીને ઝુકરબર્ગ ફસાયા : સમન્સ મોકલાશે

નવી દિલ્હી તા.૧૫ :

સોશિયલ મીડિયા જાયન્ટ મેટાને ૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણીઓ પર તેના બોસ માર્ક ઝકરબર્ગની ટિપ્પણીઓ માટે સંસદીય સમિતિ તરફથી સમન્સ મોકલવામાં આવ્યું છે. માર્ક ઝકરબર્ગે કહ્યું હતું કે કોવિડ ૧૯ પછી, ૨૦૨૪ માં યોજાયેલી ચૂંટણીમાં ભારત સહિત ઘણા દેશોની સરકારો પડી ગઈ. અશ્વિની વૈષ્ણવે તેમના ખોટા દાવાની આકરી ટીકા કરી છે.

ભાજપના સાંસદ અને કોમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પરની ગૃહ સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે મેટાને ખોટી માહિતી ફેલાવવાના આરોપમાં સમન્સ મોકલવામાં આવશે. દુબેએ X પરની એક પોસ્ટમાં કહ્યું, “લોકશાહી દેશ વિશે ખોટી માહિતી તેની છબીને ખરાબ કરે છે.

# ઈઝરાયલ - હમાસ વચ્ચે યુધ્ધવિરામ કરાર પર સહમતી

તેલ અવીવ તા.૧૫

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામનો કરાર થયો છે. ન્યૂઝ એજન્સી એપીએ આ ડીલમાં સામેલ બે અધિકારીઓને ટાંકીને આ સમાચાર આપ્યા છે. જોકે, આ લોકોની ઓળખ જાહેર કરવામાં આવી નથી. ઈજિપ્ત, કતાર અને અમેરિકાની મદદથી કતારની રાજધાની દોહામાં આ કરાર પર વાટાઘાટો કરવામાં આવી હતી.

ઈઝરાયલના અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે ડીલના પ્રથમ તબક્કામાં ૩૩ બંધકોને મુક્ત કરવામાં આવશે. આ ૩૩ બંધકોમાંથી પાંચ ઈઝરાયલની મહિલા સૈનિકો હશે. આ પાંચ મહિલા સૈનિકોના બદલામાં ઈઝરાયલ ૨૫૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે.

હમાસ પાસે ૯૪ ઈઝરાયલી બંધકો છે, જેમાંથી લગભગ ૩૪ મૃત્યુ પામ્યા છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ, હમાસે ૨૫૧ ઈઝરાયલી નાગરિકોને બંધક બનાવ્યા. બાકીના બંધકોને પહેલા બચાવી લેવામાં આવ્યા હતા.

## દક્ષીણ કોરીયાના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિની ધરપકડ

સિઓલ તા.૧૫

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ પદ પરથી હટાવાયેલા યૂન સુક-યોલની આજે તેમના નિવાસ સ્થાનેથી ધરપકડ કરી છે. યોલે ૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ દેશમાં માર્શલ લો લાદવા માટે ફોજદારી તપાસનો સામનો કરી રહ્યા છે. યોલે ગયા મહિને દેશમાં કટોકટી લાદી હતી, જેને દેશની સંસદે પલટી નાખી હતી. આ પછી ૧૪ ડિસેમ્બરે સંસદમાં તેમની વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો અને તેમને પદ પરથી હટાવવામાં આવ્યા હતા.

## રશિયન સૈન્યમાં ફરજ બજાવી રહેલા કેરળના યુવકનું મોત

નવી દિલ્હી તા.૧૫

ઓગસ્ટ ૨૦૨૪માં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાતમાં પીએમ નરેન્દ્ર મોદીએ રશિયન સેનામાં ભારતીયોની ખોટી રીતે ભરતીનો મુદ્દો સીધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ પુતિનની સૂચના બાદ રશિયાએ સત્તાવાર રીતે કહ્યું હતું કે સેનામાં રહેલા તમામ ભારતીયોને પરત મોકલવામાં આવશે. પરંતુ તાજેતરમાં રશિયન સેનાએ માહિતી આપી છે કે એક ભારતીયનું મોત થયું છે. તે વ્યક્તિ કેરળનો નાગરિક છે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
**ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

**ધમાકા એક્ષચેન્જ ઓફર**

તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે




PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

**ઓફર...ઓફર...**
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**


Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો


પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

**ગાયત્રી મસાલા**
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



# રાજકોટનું આકાશ ૧૬ દેશોના પતંગબાજોના અવનવા રંગબેરંગી પતંગોથી સુશોભિત થયું






## સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ : ૧૬ દેશોના પતંગબાજો જોડાયા : પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત-સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે : સાંસદ પરશોત્તમ રૂપાલા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫ જાન્યુઆરી - સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ'નો શુભારંભ થયો હતો. આ તકે સાંસદ રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રીએ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે. આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા સાંસદશ્રીએ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જયાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલો પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે ત્યારે જીવનમાં પણ પતંગ અવનવું શીખવી જાય છે જેમ કે, સહકાર, સંપ, કરૂણા જેવા પતંગોને ચગાવી જીવનને ઉન્નત લઈ જવું અને મોહ, કામ, ક્રોધ જેવા પતંગોને કાપીને તેનાથી દૂર થવું એ ઉતરાયણ પર્વ માનવને શીખવી જાય છે. રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫'માં નેધરલેન્ડ, વિયેતનામ, ઈટલી, સ્પેન, ગ્રીસ, પોલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, પોર્ટુગલ, સાઉથ આફ્રિકા, યુ. એસ., રશિયા, લિથુઆનિયા જેવા ૧૬થી વધુ દેશોના અને પંજાબ, રાજસ્થાન રાજ્યના પતંગબાજોએ ભાગ લઈ અવનવા કરતબો કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે સ્વાગત પ્રવચન દ્વારા સર્વનું સ્વાગત અભિવાદન કર્યું હતું. આર.એમ.સી. કમિશનર તુષાર સુમેરાએ વિદેશથી પધારેલા પતંગબાજોને ભારતીય સંસ્કૃતિમાં પતંગોત્સવના મહત્વ વિશેની જાણકારી આપી હતી. પતંગ ઉત્સવ પ્રસંગે રાજકોટ પધારેલા નેધરલેન્ડના પતંગબાજ શ્રીમાન પીટરે ગુજરાતમાં પતંગ ઉત્સવમાં પધારીને થતી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી, તેમણે રાજકોટ શહેરને સુંદર જણાવી પતંગોત્સવમાં આમંત્રણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉત્સવમાં વિદેશથી પધારેલા પતંગબાજો પણ ગુજરાતી ગીતો પર ઝૂમ્યા હતા.

# હરિયાણા SCARDB દ્વારા ડોલર કોટેચા, NAFCARDના ચેરમેનનું સન્માન કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫ : હરિયાણા સ્ટેટ કોઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક(હરિયાણા SCARDB) દ્વારા પન્ચકુલામાં સ્થિત મુખ્યાલય ખાતે નેશનલ ફેડરેશન ઓફ સ્ટેટ કોઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક્સ (NAFCARD)ના ચેરમેન ડોલર કોટેચાનું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હરિયાણા SCARDBના ચેરમેન અમરપાલ સિંહ રાણા અને મેનેજિંગ ડિરેક્ટર સ્મૃતિ સુમન બલ્હારા દ્વારા કોટેચાનું પરંપરાગત સન્માન કરવામાં આવ્યું. બોર્ડના ડિરેક્ટર દલીપસિંહ પણ આ વિશેષ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ડોલર કોટેચાએ હરિયાણા SCARDB દ્વારા કૃષિ અને ગ્રામ્ય વિકાસ માટે અમલમાં મુકવામાં આવેલા નવીન અભિગમો અને મક્કમ પ્રયાસોની વિશેષ પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે NAFCARD દેશના સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં દરેક સહકારી સંસ્થાની સાથે સહયોગ માટે તત્પર છે. તેમણે હરિયાણા SCARDBના પ્રગતિશીલ દ્રષ્ટિકોણને આગળ વધારવામાં તમામ શક્ય મદદનું આશ્વાસન આપ્યું. આ કાર્યક્રમમાં "સહકારથી સમૃદ્ધિ"ના અભિગમ ઉપર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને દેશના સહકારી ક્ષેત્રના સ્વર્ણિમ ભવિષ્ય માટે સહયોગ અને સમર્પણના મહત્વ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

# ગીર સોમનાથ પ્રસ્તાવિત નવી રેલ લાઈનનું જમીન સંપાદન અટકાવવા ૩૦ ગામના ખેડુતોએ વિરોધ દર્શાવ્યો

## ૩૦ ગામના ખેડુતોએ કલેક્ટર અને એસપીને આવેદનપત્ર પાઠવ્યું

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૫ : ગીર સોમનાથખેડુત એકતા મંચ તેમજ લીલી નાઘેર બચાવ સંઘર્ષ સમિતિના નેજા હેઠળ વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર પંથકના ૩૦ થી વધુ ગામના આગેવાનો જીલ્લા કલેક્ટર અને જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવી ખેડૂતો માટે હાનિકારક એવા વેરાવળ કોડીનાર છારા સૂચિત રેલ્વે પ્રોજેકટ બાબતે જાહેરનામુ બહાર નહી પાડવા ઉગ્ર માંગણી કરી છે. આવેદનપત્ર માં જણાવ્યા મુજબ રેલ્વે મંત્રાલય દ્વારા વેરાવળ કોડીનાર છારા સુધી ચાર ઔદ્યોગિક એકમો માટે ખાસ માલવાહક રેલ લાઈનની યોજના અમલમાં લાવવા માટે ગતિવિધિ કરવામાં આવી રહી છે. રેલ્વે લાઈન બાબતે અગાઉ તા.૨૦/૦૧/૨૦૧૯ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવેલુ તે જાહેરનામાથી અસરગ્રસ્ત ખેડુતો નાવાંધા મંગાવવામા આવ્યા હતા. અસરગ્રસ્ત ખેડુતોએ તાઃ ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ વડનગર કોડીનારથી પ્રાંત ઓફીસ વેરાવળ સુધી બાઈક રેલી યોજી અંદાજે ૨૦૦૦ જેટલી બાઈક, ગાડીઓ સહીત ૪૦૦૦ જેટલા વ્યકિતગત વાંધાઓ રજુ કરેલા. એ વાંધાઓનો કયારેય પ્રાંત ઓફીસ વેરાવળ તરફથી ખેડુતોને જવાબ મળેલ નથી. વધુમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાને સાથે રાખી તાત્કાલીન કેન્દ્રીય મંત્રી પીયુષભાઈ ગોહેલ ને મળી રજુઆત કરેલી એમના તથા મંત્રી મનસુખભાઈ માંડવીયા તરફથી આ પ્રોજેકટ પડતો મુકવા ખેડુતોને આશ્વાસન મળેલ હતુ. એ પછી જાહેરનામાની એક વર્ષની સમયમર્યાદા પૂર્ણ થતા જાહેરનામું આપો આપ રદ થયુ હોય અને અમારી જાણકારી અનુસારએ જાહેરનામું રીન્યુ કરવામા આવેલ નથી. આમ છતાં એકવાર કંપની ના માણસો સર્વે કરવા આવેલા ત્યારે ખેડુતોએ વિરોધ કરી કરનામાની નકલ માંગેલી તેથી એ લોકો સર્વે કરાવ્યા વગર પાછા ગયેલા તાજેતરમાં ગત તાઃ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ ફરી કંપનીના માણસો અને રેલ્વેના કર્મચારીઓ સાથે સર્વે કરવા માટે આવેલા. એમની પાસે જાહેરનામાની નકલ ના હતી અમારી જાણ મુજબ કોઈપણ જાહેરનામું આપના સ્તરેથી બહાર પાડવામાં આવેલ નથી. અમારી જમીન નહી આપવા બાબતે અમો ખેડુતો મકકમ છીએ આ બાબતે અમે અમારા વિગતવાર વાંધાઓ કારણોસરની રજૂઆતો રાજય સરકાર/કેન્દ્ર સરકાર તેમજ રેલ્વે બોર્ડ સમક્ષ કરવાના છીએ. માટે જિલ્લા કલેકટરને વીનંતી સાથે જણાવેલ કે, સૂચિત રેલ્વે પ્રોજેકટ બાબતે આપના સ્તરેથી કોઈ જાહેનામું સ્થાનિક ખેડુતોને વિશ્વાસમાં લીધા વગર બહાર પાડવામા ના આવે. તેમજ જિલ્લા પોલીસ વડા દ્વારા પણ યોગ્ય કાર્યવાહી કે ખેડૂતો સાથે ચર્ચા કર્યા વગર પોલીસ બંદોબસ્ત ના ફાળવવા બાબતે ખેડૂતો દ્વારા રાજયના મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવાના છીએ. આ બાબતે અમને રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સાનુકુળ પ્રતિભાવ અગાઉ મળ્યો છે અને આ વખતે પણ મળશે એવી પુરી આશા વ્યક્ત કરી હતી.

# શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદીર ખાતે ઠાકોરજીને એલચીનો શણગાર કરાયો






જૂનાગઢ તા. ૧૫ : જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે બિરાજતા દેવો શ્રી સિધ્ધેશ્વર મહાદેવ, રાધા-રમણદેવ હરીકૃષ્ણ મહારાજ, રણછોડરાયજી, ત્રીકમરાયજી સહિતનાં દેવો કે જે ભગવાન સ્વામીનારાયણનાં સ્વહસ્તે પધરાવેલા આ દેવોને એલચીનો અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. કોઠારી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી મહારાજ તેમજ ચેરમેનશ્રી પીપી સ્વામીનાં માર્ગદર્શન હેઠળ અનેકવિધ ધાર્મિક કાર્યો કરવામાં આવી રહયા છે. દેવોનાં અલૌકિક શણગારનાં દર્શનનો મોટી સંખ્યામાં હરીભકતોએ લાભ લીધો હતો તેમ મેનેજર પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# બેટ દ્વારકામાં ઓપરેશન ડિમોલીશનના પાંચમાં દિવસે અવિરત : કુલ રૂા.૫૦ કરોડ જેટલા દબાણો ધ્વસ્ત કરાયા




## રહેણાંક, ધાર્મિક અને કોમર્શિયલ મળી, કરોડોની સરકારી જગ્યા ખુલ્લી કરાવાઈ : દાયકાઓથી કરાયેલા અનેક દબાણો દૂર કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫ દ્વારકા વિસ્તારમાં ગેરકાયદેસર દબાણકર્તા ભૂમાફિયાઓને ભરી પીવા તંત્રએ કમર કસી છે. ત્યારે ગત શનિવારથી હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલેશન પાર્ટ - ૨ માં પ્રાંત અધિકારી તેમજ પોલીસ અધિક્ષકની ડિમોલિશનની સંયુક્ત કાર્યવાહીમાં આજે બુધવારે પાંચમા દિવસે પણ દબાણ હટાવ ઝુંબેશને કામગીરી ચાલુ રહી હતી. જેમાં ગઈકાલે મંગળવારે ચોથા દિવસે ઓખામાં આવેલી દામજી જેટી પાસે જેસીબી મશીનો વાળવામાં આવ્યા હતા. આ જેટી વિસ્તારમાં સરકારી જમીન પર આશરે ૪૦ વર્ષથી રહેલા અનધિકૃત દબાણને હટાવવામાં આવ્યા હતા. આ જેટી પાસેના વિસ્તારમાં ૫૬૫૦ સ્કવેર મીટર દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. જેની કિંમત આશરે ૬.૫૦ કરોડ જેટલી ગણવામાં આવી રહી છે. કાર્યવાહી પૂર્વે તંત્ર દ્વારા જે-તે આસામીઓને ધોરણસર નોટિસો આપાયા બાદ મંગળવારે દબાણ હટાવ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દામજી જેટી ઓખામાં આશરે ૬ કરોડની કિંમતની ૮૦૦૦ ચોરસ મીટર જમીન પરના સાત દબાણો તેમજ પંચવટી વિસ્તારમાં ત્રણ અન્ય, બાલાપર ગામમાં ૨૦ મકાન તેમજ હનુમાન દાંડી રોડ પર જુદા જુદા વિસ્તારોમાં મકાન પર અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહીમાં એક દિવસમાં ૩૯ રહેણાંક, ૭ કોમર્શિયલ અને ૩ અન્ય માળી કુલ ૪૯ બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. ગઈકાલે એક દિવસમાં કુલ રૂપિયા ૧૨.૫૫ કરોડની કિંમતની ૨૨,૬૩૮ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ પૂર્વે સોમવારના ઓપરેશન ડિમોલિશનમાં ૫૬ રહેણાંક અને ત્રણ અન્ય સહિત કુલ ૫૯ અનઅધિકૃત બાંધકામ દૂર કરાયા હતા. ૨૬,૮૫૩ ચોરસ મીટર બાંધકામની જગ્યાની કિંમત ૧૪.૯૫ કરોડ જાહેર કરવામાં આવી છે. આમ, સોમવાર તેમજ મંગળવારના બે દિવસના સમયગાળામાં ૯૫ રહેણાંક સહિત કુલ ૧૦૮ બાંધકામ દૂર કરાયા હતા. જેની અંદાજિત કિંમત રૂપિયા ૨૭.૫૦ કરોડ ગણવામાં આવી રહી છે. બેટના બાલાપર વિસ્તારમાં સોમવારે પ્રાંત અધિકારી અમોલ આવટે તેમજ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ દબાણ હટાવ ઝુંબેશ અંગેની વિગતો આપતા પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે ઓખા વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી રહેલી એક દરગાહ સંદર્ભે તંત્ર દ્વારા જુલાઈ ૨૦૨૩ માં પ્રથમ નોટિસ બાદ જુલાઈ ૨૦૨૪ માં રિમાઈન્ડર નોટિસ અને શનિવાર તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ ફાઈનલ નોટિસ આપવામાં આવી હતી. જેનો કોઈ પ્રત્યુતર ન મળતા આ અંગેના દસ્તાવેજોની ચકાસણી કરાયા બાદ સોમવારે આશરે ૧,૫૦૦ સ્ક્વેર મીટરમાં રહેલી આ દરગાહ સરકારી જગ્યા પર હોવાનું ખુલવા પામ્યું હતું અને આ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જેની બજાર કિંમત રૂપિયા સવા બે કરોડ ગણવામાં આવી રહી છે. સોમવારે હાથ ધરવામાં આવેલા ડિમોલીશનમાં બે ધાર્મિક દબાણની સરકારી જમીન પર સરકારી બુલડોઝર ફર્યું હતું. જેમાં અંદાજિત રૂપિયા સવા ત્રણ કરોડની જગ્યાને ખુલ્લી કરવામાં આવી હતી. આ પૂર્વે નિયમ મુજબ ત્રણ નોટિસ તેમજ લાગતા-વળગતાઓ સાથે વાતચીત અને ડોક્યુમેન્ટેશન સંલગ્ન ચર્ચા વિચારણામાં જગ્યાની માલિકી સાબિત ન થઈ શકતા આ ઓપરેશન કરવામાં આવ્યું હોવાનું પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું. પ્રથમ ચાર દિવસમાં મેગા ઓપરેશન ડિમોલિશનમાં કુલ રૂપિયા ૪૭.૧૫ કરોડની રહેણાંક , કોમર્શિયલ અને ધાર્મિક સહિત અંદાજિત ૮૬ હજાર ચોરસ મીટરથી વધુ સરકારી જમીન પરનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે. આ કામગીરી હાલ બેટ દ્વારકા અને ઓખા વિસ્તારમાં ચાલી રહી છે. ત્યારે આગામી દિવસોમાં દ્વારકાના ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફરે તેવી પૂરી શક્યતા જોવા મળી રહી છે.

**અનેક દબાણો ૨૫ થી ૪૦ વર્ષ જૂના : જવાબદાર કોણ..?**

બેટ દ્વારકા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલિશનમાં એક સામાન્ય પ્રશ્ન ભારે ચર્ચામાં છે કે અનેક દબાણો અંદાજિત ૨૫ વર્ષથી ચાર દાયકા જુના હતા. જેમાં નગરપાલિકાના નળ જોડાણ, વીજ જોડાણ વિગેરે પણ મળી ચૂક્યા હતા. તો આટલા વર્ષો સુધી સ્થાનિક તંત્ર શું ઉગતું રહ્યું? કે ભાગ બટાઈમાં સામેલ હતા? તેવો મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. સરકારના પરિપત્ર મુજબ નાના ગામમાં પણ જમીન દબાણ ન થાય અને સરકારી જમીનો અને ગૌચર બાબતનું ધ્યાન રાખવાની જવાબદારી સ્થાનિક તલાટી મંત્રીની હોય છે. તો લાખો ચોરસ ફૂટ જગ્યા પર દબાણ કઈ રીતે શક્ય બને તે પણ વિચારવાનો વિષય છે. બેટ દ્વારકા પંથકમાં ઓપરેશન ડિમોલીશનના બીજા રાઉન્ડમાં પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત વ્યવસ્થા સુરક્ષા વ્યવસ્થા તેમજ પેટ્રોલિંગ અંગેની કાર્યવાહી જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની રૂબરૂ દેખરેખ હેઠળ ચાલી રહી છે. જેથી કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. આ કામગીરીનું જિલ્લા કક્ષાએથી સતત મોનિટરિંગ થઈ રહ્યું છે. જેને ગૃહ રાજયમંત્રીએ પણ બિરદાવી છે. ગઈકાલે મંગળવારે મકરસંક્રાંતિ નિમિત્તે બેટ દ્વારકામાં ભક્તો, યાત્રાળુઓ માટે દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જેનો લાભ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લીધો હતો. બેટ દ્વારકામાં હાલ દબાણ હટાવ ઝુંબેશ અંતિમ ચરણમાં હોવાનું છે. ત્યારે હવે આગામી દિવસોમાં કોરિડોર પ્રોજેક્ટ સહિતના વિકાસ કાર્યોને અનુલક્ષીને દ્વારકા શહેર વિસ્તારમાં પણ દબાણ હટાવ અંગેનું મેગા ઓપરેશન શરૂ થાય તો નવાઈ નહીં તેવી પરિસ્થિતિ પણ જોવા મળી રહી છે. હાલ આ સમગ્ર કાર્યવાહી ઐતિહાસિક અને રેકોર્ડ રૂપ બની રહી છે.


# રાજકોટમાં મકરસંક્રાંતિ નિમિતે એચ.આઈ.વી પોઝીટીવ બાળકોને પતંગ, ફીરકી, ચીકી, અડદિયા, સાની, ખજુર અને મમરાના લાડુનું વિતરણ કરાયું




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫ આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. આર.ડી.એન.પી.પ્લસ એ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક સ્વયંસેવી સ્વૈછિક સંગઠન છે. જેનો મુખ્ય હેતુ જીલ્લામાં એચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતા લોકો માટે સક્ષમ વાતાવરણ તથા સારસંભાળ અને દવાઓ મળે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય તે છે. સંસ્થા દ્વારા પોઝીટીવ લોકો માટે તેમને મદદરૂપ થઈ શકાય તે હેતુથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે તારીખ ૧૦-૦૧-૨૦૨૪ ના રોજ રાજકોટ ઓફીસ ખાતે ટી.બી. અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ડો. પી.કે.કડીયા(C.T.O. RMC), નયનાબેન (સીનીયર ટી.બી. સુપરવાઈઝર), આરતીબેન દોશી, (હેલ્થ ઓફિસર), હાજર રહેલ. આ કાર્યક્રમ માં ખાસ ટી.બી.૧૦૦ દિવસ કેમ્પેન નિમિતે ટી.બી. રોકથામ માટે આવેલ ૧૭૦ લાભાર્થીને ટી.બી. ના લક્ષણો, ટી.બી. ની તપાસ કરાવવા બાબતે, તેમજ ટી.બી. ની સારવાર બાબતે સમજાવવા માં આવેલ. સાથે સાથે ઉપસ્થિત સભ્યોને ખીચડી, ચણાનો લોટ, નમક, રાશન સપોર્ટ આપેલ. તેમજ તારીખ ૧૧-૦૧-૨૦૨૪ ના રોજ જસદણ ખાતે ૧૫ એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને મકરસંક્રાંતિ નિમિતે કીટ વિતરણ કરવામાં આવેલ. જેના દાતા વિજયભાઈ રાઠોડ, દિનેશ વેકરીયા, ભરતભાઈ જેબલીયા, કોટડીયા હોસ્પિટલ રહેલ. ત્યારબાદ તારીખ ૧૧-૦૧-૨૦૨૪ ના રોજ રાજકોટ ઓફીસ ખાતે ૫૦ એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને મકરસંક્રાંતિ નિમિતે કીટ વિતરણ કરવામાં આવેલ. જેના દાતા નરેન્દ્રભાઈ ઝીબા (ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટ), પંકીલભાઈ પઢારીયા (રોટરી કલબ ઓફ રાજકોટ ટીમ), સૌરીનભાઈ વોરા (વોરા વેલ્ફેર ફાઉન્ડેશન), હિતેશભાઈ સેલાની (સામાજીક કાર્યકર્તા), જયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ), પ્રદીપભાઈ ધાંધલ (ગોકુલ નમકીન પ્રાઈવેટ લીમીટેડ), લાભુભાઈ સેમ્બલીયા, રવિભાઈ સોન્દારવા, સહદેવ કણજારીયા, પ્રકાશભાઈ (જલારામ ચીકી), વિજયભાઈ રાઠોડ (પાટીદાર સીઝન સ્ટોર) રહેલ. અને તારીખ ૧૨-૦૧-૨૦૨૫ ના રોજ ગોંડલ ખાતે ૧૦ એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને મકરસંક્રાંતિ નિમિતે કીટ વિતરણ કરવામાં આવેલ. આ કીટ ના દાતા શ્રી અનિલભાઈ ગજેરા, પરેશભાઈ, મૌલિકભાઈ (અક્ષયભારતી મિત્ર મંડળ-ગોંડલ), જતીનભાઈ દેવાની, નીતાબેન રહેલ. આ કીટ મા પતંગ, ફીરકી, ચીકી, અડદિયા, ખજૂરપાક, કચરીયું, મમરાના લાડુ, ગોકુલ નમકીન ની ૧૧ વસ્તુઓ, મોજા, કાનપટ્ટી, રાશન જેવી વસ્તુ નો સપોર્ટ કરવામાં આવેલ. જેથી બાળકો તહેવારનો આનંદ માણી શકે. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યસ્થિત આયોજન આર.ડી.એન.પી પ્લસ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કડીયાવાડ વેપારી એશોસિએસનના પ્રમુખ તરીકે કિશનભાઈ સોંદરવાની વરણી કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫ કડિયાવાડ વેપારી એશોસીયેસન દ્વારા જૂનાગઢના હાટકેશ્વર મંદિર ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરના મંત્રી મનોજ પોપટ, મીડિયા વિભાગના સહકન્વીનર જીતુ ઠકરાર તથા કિશોર પોકીયાની ઉપસ્થિતિમાં શાકભાજીના વેપારીઓ તથા વાલ્મીકિ સમાજે સર્વ સંમતિથી કિશનભાઈ સોંદરવાની કડીયાવાડ શાકભાજી તથા વેપારી એશોસિયેસનના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. સાથે જ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરના મંત્રી મનોજ પોપટ મીડિયા વિભાગના સહકન્વીનર જીતુ ઠકરાર તથા કિશોર પોકીયા દ્વારા ૨૦૦ કાર્યકરોને ભાજપમાં જોડાવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં કડીયાવાડ વિસ્તારના વેપારીઓ મહિલાઓ તથા યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

**કડીયાવાડના ૨૦૦ વેપારીઓ ભાજપમાં જોડાયા**

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **નિરવકુમાર સુભાષચંદ્ર વસવેલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **નિરવ સુભાષચંદ્ર વસવેલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**નિરવ સુભાષચંદ્ર વસવેલીયા**

બ્લોક નં.૧૨, આદિત્ય એવન્યુ-૧, વિનાયક હાઈટ્સ પાસે, ચોબારી રોડ, જૂનાગઢ- ૩૬૨૦૦૧

### મિલેટ, સરગવો અને THR માંથી બનતી અનેક પૌષ્ટિક વાનગીઓ

# વિસાવદરનાં ભલગામમાં આંગણવાડીના પોષણ ઉત્સવની ભવ્ય ઉજવણી






## મિલેટ અને આંગણવાડીમાં અપાતા THRમાંથી બનતી પૌષ્ટિક વાનગીઓનો છપ્પનભોગ

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જિલ્લાના વિસાવદર પંથકના ભલગામની માધ્યમિક શાળાના પટાંગણમાં પોષણ ઉત્સવ ૨૦૨૪ની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. વિસાવદર આઈસીડીએસ ઘટક અંતર્ગત ભલગામ મુકામે સેજા કક્ષાનો પોષણક્ષમ મિલેટ (શ્રીઅન્ન) તેમજ આંગણવાડીમાં અપાતા THR બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિ અને સરગવાનાં પાનમાંથી બનતી પૌષ્ટિક વાનગી હરીફાઈ કાર્યક્રમ જિલ્લા પંચાયત જૂનાગઢનાં પ્રમૂખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરુઆત પહેલાં જ આમંત્રિત મહાનુભવોના આગમનને વધાવવા કપાળે કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યાં હતા અને આમંત્રિત મહેમાનોનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ઉપસ્થિત મહેમાનોનું વ્યક્તિગત શાબ્દિક સ્વાગતવિધિ કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનોને સન્માનિત કરવા ભલગામ સેજાનાં કાનાવડલા તેમજ શોભાવડલા ગામના આંગણવાડી કેન્દ્રની બહેનોએ પોતાની જાતે મિલેટ તેમજ બાજરીના ડુંડામાંથી બનાવેલ પુષ્પગુચ્છથી મહેમાનોને આવકાર્ય હતા ત્યારે ઉપસ્થીત સૌ કોઈ મહેમાનો માટે મિલેટ અનાજના ડુંડામાંથી બનેલ પુષ્પગુચ્છ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. જાંબુડા-૧ આંગણવાડીનાં કાર્યકર વિમળાબેન જોશીએ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ આંગણવાડીના નાના નાના ભૂલકાઓએ શ્રી રામ ભગવાનને યાદ કરતું સ્વાગત ગીત રજૂ કર્યું.

આંગણવાડીના મિતલબેન તથા જાગૃતિબેન જોશીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ પણ ખાસ બાળકો, કિશોરીઓ અને સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી માતાઓ સુપોષિત આહાર મેળવે તેમજ પોષણનું સ્તર સુધરે તે માટે અને સ્વાસ્થ્ય માટે સતત પ્રયત્નશીલ છે.

પોષક આહાર જ આરોગ્યવર્ધક છે અને દેશનાં ભવિષ્ય માટે ખાસ આંગણવાડી કેન્દ્ર ઉપર આપવામાં આવતાં ત્રિશકિતરૂપી THR બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણા શક્તિ તેમજ પૂરક આહાર છેવાડાનાં લાભાર્થી બાળકોને, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓ માટે આવશ્યક છે અને પોષક આહાર આપવામાં આવે તે પણ જરુરી છે. સરકારની મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તમામ યોજનાઓ આંગણવાડી કેન્દ્ર દ્વારા લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહી છે. ઉપસ્થિત વિસાવદર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર રિંક્રેશ પટેલ દ્વારા સ્વસ્થ બાળકોને લક્ષમાં રાખી વિશેષ કાયદાકીય માહિતી પણ આપેલ. આંગણવાડી કેન્દ્રના નાના નાના ભૂલકાઓએ પોતાની આવડત મુજબ રામાયણ, ઐતિહાસિક સંતો, મહાપુરુષો, વીરાંગનાઓ જેવા પાત્રો વેશભૂષા સાથે સંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યો હતો. નાના ઝાંઝેસર ગામની ૧૭ વર્ષીય કિશોરી કાનપરા ભૂમિકા સુરેશભાઈને શાળામાં પુનઃ પ્રવેશ માટે તેમના વાલીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહત્વનુ છે કે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર જણાવ્યું હતું કે ભારત દેશ ભલે વિશ્વગુરૂ બનવા જઈ રહ્યો છે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અનેક વિકાસલક્ષી કાર્યો કર્યા છે પરંતુ દુઃખ એ બાબતનું છે કે આજ ઓછા વજનવાળા બાળક જન્મે છે અને મોટા ભાગે લગ્ન બાદ ટેસ્ટટ્યુબ બેબી તરફ જવું પડે છે અને આ બધા માટે બઝારનાં પડિકાઓ જવાબદાર છે દેશમાંથી કુપોષણ હટાવવા માટે જાડા ધાન્ય એટલે કે મિલેટ અને પૌષ્ટિક આહાર મહત્વનો છે. સરદાર વલ્લભભાઈ પટેલ અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તેમજ શિવાજી જેવા વ્યક્તિઓ દેશને મળ્યાં છે અને દેશનું ભવિષ્ય સ્વસ્થ બાળકો છે ત્યારે ફ્રાયમ્સ કુરકુરા અને વેફરનાં પડિકા અને મેંદાની વસ્તુઓને ત્યજવા પડશે બાળકને બાજરીનો રોટલો અને તેમાં માખણ અને ગોળ ખવડાવી સ્વસ્થ બનાવી શકાશે આ સાથે જિલ્લા પંચાયતનાં વિવિધ સમિતિના ચેરમેન સભ્યોશ્રી અને તાલુકા પંચાયત વિસાવદરનાં હોદ્દેદારો, ઉપપ્રમુખ ભરતભાઈ કોટડીય દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે સરકાર બાળક, માતા તથા સામાન્ય જનતાના પણ સ્વાસ્થ્ય માટે બહુ જ ચિંતિત છે. સ્વચ્છ ગામ સ્વચ્છ ગુજરાતને સાકાર કરવા સ્વચ્છતાના અભિયાનો ચાલી રહ્યા છે. બાલ્યાવસ્થાથી બાળકોને પોષણક્ષમ આહાર મળે એટલે તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ થાય તેમજ સરકારશ્રીની અનેક યોજનાઓ છેવાડાના ગામડાના માનવી સુધી પહોંચે તે માટે કટિબંધ હોવાની વાતો સાથે અનેકવિધ બાબતોની વિસ્તૃત છણાવટ કરેલ. ખાસ બહેનોએ THR મિલેટ અને સરગવાના પાનનો ઊપયોગ કરી બનાવેલી વિવિધતા સભર પૌષ્ટિક વાનગીઓ જોઈ રાજીપો વ્યક્ત કરેલ અને સાથોસાથ અભિનંદન પાઠવેલ.




વાનગી સ્પર્ધામાં કુલ ૨૩ આંગણવાડી કેન્દ્રોનાં કાર્યકર બહેનો તેડાગર બહેનો તેમજ કિશોરીઓએ ભાગ લીધેલ હતો અને ૫૬ જાતની જુદી જુદી વાનગીઓ તૈયાર કરવામાં આવેલ અને આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંકલિત બાળવિકાસ યોજના અધિકારી તરીકે ઉપસ્થીત રહેલ લીલા બહેન વાઢેર તેમજ કાનાવડલા માધ્યમિક શાળાના આચાર્ય ધર્મેશભાઈ રોજીવાડીયા અને ભલગામ ગ્રામ પંચાયતનાં તલાટી કમ મંત્રી અમીષાબહેન સોલંકી દ્વારા પૌષ્ટિક વાનગીઓનું નિરીક્ષણ કરી ગુણવત્તા અને પૌષ્ટિકતાની માત્રા તેમજ સ્વાદ અને સ્વચ્છતા આધારે નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાંથી આંગણવાડીમાંથી અપાતાં THRની વાનગીમાંથી બાલશક્તિ કેક બનાવનાર પ્રથમ ક્રમાંકે હેતલબહેન પરમાર વિજેતા જાહેર થયા હતા જ્યારે પુર્ણાશક્તિ ચાટપૂરી બનાવનાર સંગીતાબહેન રાણવા દ્વિતિય ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા અને પૂર્ણા શકિત ગબગોટા બનાવનાર રીનલબહેન મૈયાત્રા તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા. ખાસ મિલેટની વાનગીમાંથી પૌષ્ટિક મિલેટ લાડુ બનાવનાર ભાવનાબહેન ગૌસ્વામી પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા. જયારે મિલેટ અને કઠોળની ઘૂઘરી બનાવનાર મિતલબહેન કાછડીયા દ્વિતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા અને મિલેટ કઠોળનો માળો બનાવનાર સુમીતાબહેન વેકરીયા તૃતીય ક્રમાકે વિજેતા જાહેર હતા. આ સ્પર્ધામાં વિજેતા જાહેર થનાર તમામ બહેનોને મહાનુભવોએ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરેલ અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બહેનોને વાનગી હરીફાઈમાં ભાગ લેવા બદલ બિરદાવ્યા હતા.

આંગણવાડી બહેનોએ ખાસ નાટકીય રૂપે બાળકોની તંદુરસ્તી માટે સંવાદો રજૂ કર્યા. આંગણવાડીનાં નાના બાલદેવોએ પોતાની કાકલુદી કાલી ઘેલી ભાષામાં વાર્તાઓએ ઉપસ્થીત મહેમાનનું મન મોહી લીધું હતું. કાર્યક્રમમાં સામાન્ય રીતે ગાઠીયા જલેબી કે ચેવડાનો નાસ્તા અપાતા હોય છે જેને બદલે પૌષ્ટિક તત્વોથી ભરપુર અંકુરિત કરેલ ધાન્ય અને કઠોળની સ્વાદિષ્ટ પૌષ્ટિક ભેળનો નાસ્તો પીરસવામાં આવ્યો હતો તેમજ ચા અને ઠંડા પીણાને બદલે ખાસ આરોગ્યવર્ધક ઉકાળો પણ આમંત્રિત મહેમાનોની પસંદ બન્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિતો વિસાવદરનાં વરિષ્ઠ પત્રકાર સી.વી.જોશી, જૂનાગઢની જાનકારી ન્યૂઝ ચેનલનાં રામભાઈ કડચા તેમજ નિર્ભય ન્યુઝ, ખાસ ખબર અને જનતા કી જાનકારી તેમજ ૧ફ્ફ મિડિયાનાં બ્યુરો સાગર નિર્મળ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ વિસાવદર તાલુકા પ્રમુખ રેખાબેન સરસિયા, જિલ્લા પંચાયત સદસ્ય મધુબેન સાવલિયા, ભલગામના સરપંચ જયોત્સનાબેન ગોધાણી, વિસાવદર તાલુકા પંચાયત સદસ્ય પુનાભાઈ કથીરિયા, વિરેન્દ્રભાઈ સાવલિયા, ઝાંઝેસર ગામના સરપંચ જયેશભાઈ ચાક, હાજાણી પીપળીયા સરપંચ રવજીભાઈ પીપળીયા, બશિયાભાઈ, સોમાભાઈ સરસીયા, પો.કોન્સ. ભરતભાઈ કરમટા, હિંમતભાઈ મોરી, આઈસીડીએસ વિસાવદર ઘટકની સ્ટાફ અને બહોળી સંખ્યામાં આંગણવાડીમાં ફરજ બજાવતા બહેનો, લાભાર્થી સગર્ભા મહીલાઓ ધાત્રી માતાઓ તથા બાલદેવો અને ગ્રામજનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમના અંતે મહિલા અને બાળવિકાસ વિભાગનાં આઈ સી ડી એસ વિસાવદર ભલગામ સેજાના મુખ્ય સેવિકા પૂનમબેન સિરોદરીયાએ ઉપસ્થિત મહાનુભવો, આમંત્રિતો, તથા આંગણવાડી કાર્યકર બહેનો અને સગર્ભા મહીલાઓ ધાત્રી માતાઓ તથા બાલદેવો અને ગ્રામજનો આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમનું સફળ સંચાલન કરવા બદલ કમલેશભાઈ ઠુમરનો ભલગામના મુખ્યસેવિકા પૂનમબહેન સિરોદરીયા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યા હોવાનુ અખબારી યાદીમાં જણાવાયું છે.

# શિવરાજપુર બ્રિચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૨૫ ઉજવાયો

### દેશ વિદેશના મહેમાનોએ આકાશમાં વિરાટ ડ્રેગન ત્રિરંગો સહિત આકર્ષક અવનવા પતંગો ચગાવ્યા






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૫

દ્વારકા નજીકના પ્રખ્યતા શિવરાજપુર બિચ ખાતે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫, તા.૧૩ જાન્યુઆરીના ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શિવરાજપુર બિચના વિશાળ પટાગણ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫ શરૂ થયો હતો. તેમા જીલ્લા વહીવટી અધિકારીઓ ઉપસ્થિતી રહ્યા હતા. દેશ વિદેશથી આવતા પતંગ બાજો પોતાના કરબત સુંદર રંગ બેરંગી પતંગોથી આકાશને રંગીન બનાવી દીધુ હતુ. દેશ વિદેશના મહારાષ્ટ, પંજાબ, બિહાર, નેપાલ, મલેશિયા જેવા વિવિધ વિદેશથી મહેમાનોએ આકાશમાં વિરાટ ડ્રેગન ત્રિરંગો સહિત આકર્ષક અવનવા પતંગો ચગાવ્યા દેશ વિદેશથી આવતા પતંગબાજોને નિહાળવા સ્થાનિક લોકો તેમજ ટુરીસો ઉપસ્થિત રહ્યા હતા. જેમા પતંગબાજો સાથે સેલ્ફિ લેવા લોકોએ પતંગ મહોત્સવને માણાવ્યો હતો.

### મકર સંક્રાંતિના પાવન અને સપરમાપર્વ દિવસ નિમિત્તે

# જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જરૂરીયાતમંદ લોકોને વિવિધ ચીજ વસ્તુઓનું વિતરણ કરાયું







જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ તથા ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાતમંદ ૩૦૦ કુટુંબોને તારીખ ૧૩/૧/૨૦૨૫ ને સોમવારના રોજ મકર સંક્રાંતિના પાવન અને સપરમાપર્વ દિવસે દાન, ધર્માદાનો મહીમા ખુબજ મોટો છે ત્યારે સેવાકીય પ્રવૃત્તિમાં આજે આ સંસ્થાને ચાર-ચાર દાયકા થઈ ચુક્યા છે, જે જુનાગઢના દાતાશ્રીઓને જ આભારી છે.આ સંસ્થા દ્વારા દરેક તહેવારે આ પ્રકારે સેવાયજ્ઞ યોજવામાં આવે છે. જેમાં અંબિકા ચોક, સત્યમ સેવા યુવક મંડળના હોલ પરથી જરૂરિયાતમંદ નબળા લોકોને માંડવી પાક, તલ સાંકડી, ખજૂર, ગોળ, મમરા ના લાડુ, ઘઉંનો લોટ, ચવાણું, ગાઠીયા, ખીચડી વગેરે પંદર જેટલી વસ્તુઓનું ભાવસભર વિતરણ કરવામાં આવેલ હતું જેમાં સંસ્થા ના પ્રમુખ શ્રી મનસુખભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ વિતરણ કરવામાં આવેલ હતું આ પ્રસંગે દાતાશ્રી મનીષભાઈ લોઢીયા, નિવૃત્ત ડીસ્ટ્રીક જજ પી.જે. ડાંગર, સુશીલાબેન શાહ, મનોજભાઈ રાજા, નરસિંહભાઈ વાઘેલા, પુષ્પાબેન પરમાર, નાગભાઈ વાળા, રાજેશભાઈ લાલચેતા, પટેલ ભાઈ, શારદાબેન, દયાબેન માણેક, જયાબેન પરમાર, મહેન્દ્રભાઈ રાવલના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ હતું. આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે શાંતાબેન બેસ, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, ચંપકભાઈ જેઠવા, રાજેન્દ્રભાઈ ચુડાસમા, જયંતીભાઈ લાઠીયા, સરોજબેન જોશી, રમાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર તથા કમલેશભાઈ પંડ્યા વગેરે જહેમત ઉઠાવેલી હતી.

# ખંભાળિયામાં સેવાપર્વે જરૂરિયાતમંદોને કિટનું વિતરણ કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અહીંના ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખુબજ નજીવી આવકવાળા રઘુવંશી પરિવારોને ખાસ પરમીટ આપવામાં આવી છે. જેમાં કિટ વિતરણની આ પ્રવૃત્તિ સતત ૪૨ માં વર્ષે પણ અવિરત પણે જારી છે. વર્ષ ૧૯૮૨ થી ચાલી આવતી આ સેવામાં મુળજીભાઈ પાબારી (મુંબઈ વાળા) એક આધારસ્તંભ દાતા રહ્યા છે અને છેલ્લા ત્રણ વર્ષથી તેમના નિવાસસ્થાને જ આ વિતરણ કરવામાં આવે છે. તેઓ દ્વારા આ ગીત અંગેનો તમામ ખર્ચ આપવામાં આવે છે.

તાજેતરમાં દિવાળી પર્વ નિમિત્તે તેમના તરફથી પ્રત્યેક પરિવાર દીઠ ૫૦૦ રૂપિયાની રાશનની કીટ આપવામાં આવી હતી બીજા દાતા સ્વ. નલીનભાઈ મોદી (યુ.કે.) ના પરિવારજનો દ્વારા પણ કીટ તેમજ અન્ય મકરસંક્રાતિને લગતી વસ્તુઓનું અનુદાન આપીને પુણ્યનું ભાથું બાંધવામાં આવ્યું હતું. આ કિટ વિતરણની વ્યવસ્થા ટ્રસ્ટી નીખીલભાઈ કાનાણી તેમજ નિશિલભાઈ કાનાણીએ સુપેરે નિભાવી હતી. આ સેવામાં વર્ષોથી આ સંસ્થાના મુક સેવક અશોકભાઈ દાવડાએ પણ સેવામાં સહકાર આપ્યો હતો. આ તબક્કે સર્વે દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## યાત્રાધામ દ્વારકામાં પોષી પુનમના દિવસે હજારો ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યુ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળીયા, તા.૧૫



પોષી પુનમના પાવન અવસરે યાત્રાધામ દ્વારકામાં આવેલ પાવનકારી ગોમતી નદીમાં હજારો ભાવિકોએ ગોમતી નદીમાં ડૂબકી લગાવી પવિત્ર સ્નાન સાથે પુણ્યનુ ભાથું બાંધ્યું હતું. હરિદ્વારમાં ગંગા સ્નાનનું જે રીતે મહત્ત્વ છે તેટલું જ દ્વારકા યાત્રાધામમા પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કર્યા બાદ છપ્પન સીડી - સ્વર્ગ દ્વારેથી ઠાકોરજીના દર્શન કરવાનું મહાત્મ્ય હોય આજે વહેલી સવારથી જ ગોમતી ઘાટો પર ભાવિકોની ભીડ જોવા મળી હતી.

# શ્રી પાટીદાર કર્મચારી મંડળ ભેંસાણ દ્વારા વિશિષ્ટ સન્માન સમારોહ યોજાયો

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના તમામ ક્ષેત્રના પાટીદાર કર્મચારીઓ દ્વારા શ્રી તાલુકા લેઉવા પટેલ સમાજ ભેસાણના ઉપક્રમે એક વિશેષ સારસ્વત સન્માન સમારોહ અને સ્નેહ મિલનનું આયોજન ૧૨ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૪:૩૦ કલાકે કરવામાં આવેલ, કાર્યક્રમની શરૂઆત ચણાકા પ્લોટ પે સેન્ટર પ્રાથમિક શાળાની દીકરીઓ દ્વારા સ્તુતિથી થઈ. આ સન્માન સમારોહમાં ભેસાણ તાલુકાના મોટા ગજાના ઉદ્યોગપતિ અરવિંદભાઈ કાપડિયાને ઉદ્યોગ રત્ન એવોર્ડ, સમાજમાં જેમનું વિશિષ્ટ યોગદાન છે એવા વ્યક્તિ દિનેશભાઈ ઊંધાડને પાટીદાર રત્ન એવોર્ડ, ગૌ સેવા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર મનીષભાઈ સતાણીને ગૌસેવા રત્ન, મહિલાઓને પ્રેરણા પૂરી પાડનાર મંજુલાબેન ગોંડલીયાને વિશિષ્ટ મહિલા સેવા સન્માન એવોર્ડ, કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર નિકુંજભાઈ આસોદરિયાને કિસાન રત્ન એવોર્ડ, આ સિવાય ૨૮ વર્ષ પહેલા સમાજ નિર્માણ કરનાર સ્વ. મેઘજી બાપાને મરણોત્તર સમાજ સેવા નિર્માણ એવોર્ડ તથા નાથાભાઈ પાનસુરીયા ને સમાજ સેવા એવોર્ડ તથા ધોરણ ૧૦ તથા ૧૨ માં જે વિદ્યાર્થીઓએ ૮૦% ઉપર ગુણ મેળવેલ એવા વિદ્યાર્થીઓનું સન્માન તેમજ તાલુકાના નિવૃત્ત કર્મચારીઓ અને નવનિયુક્ત કર્મચારીઓનું સન્માન આ તકે કરવામાં આવ્યું. આ સિવાય કાર્યક્રમને સફળ બનાવવા માટે જે દાતાઓએ દાન આપ્યું તે દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું. કુલ ૨૭૫ જેટલી વ્યક્તિઓ અને પ્રતિભાઓના સન્માન કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે સુરતના અગ્રણી ઉદ્યોગપતિ એવા અશોકભાઈ મોવલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તથા મુખ્ય અતિથિ તરીકે ભેસાણ-વિસાવદરના પૂર્વ ધારાસભ્ય એવાં ભુપતભાઈ ભાયાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન વજુભાઈ મોવલીયા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સોજીત્રા , આમ આદમી પાર્ટીના ડોક્ટર હિતેશભાઈ વઘાસિયા , તાલુકા લેઉવા પટેલ સમાજના પ્રમુખ શ્રી વિનુભાઈ ભુવા, ધારી બગસરા, જુનાગઢ અને મેંદરડાના વિવિધ મંડળોના પ્રમુખ તથા મંત્રીશ્રીઓ, તમામ રાજકીય પાર્ટીના પ્રમુખ તથા આગેવાનો સહિત અનેક મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે દિપકભાઈ ઢેબરીયા કે જેમણે પંચ પરિવર્તન ઉપર ખૂબ જ ઉત્કૃષ્ટ વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પાટીદાર કર્મચારી મંડળના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે. એવું પાટીદાર કર્મચારી મંડળના પ્રમુખ શ્રી નિતેશ માથુકિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# તંત્રી લેખ

## વીર સાવરકરના નામે કોલેજ, કોંગ્રેસને લાગ્યાં મરચાં

વીર સાવરકરના નામે દિલ્હી યુનિવર્સિટી એક નવી કોલેજ ખોલવા જઈ રહી છે. વીર સાવરકર જેવા મહાન સ્વાધીનતા સેનાનીના નામે કોલેજ ખૂલવાથી દેશભરના નવયુવાનો નિશ્ચિતપણે પ્રેરિત થશે. એ બાબતે કોઈને કોઈ પ્રકારની શંકા ન રહેવી જોઈએ. પરંતુ કોંગ્રેસને પેટમાં ચૂંક ઉપડી છે. કોંગ્રેસને વીર સાવરકરના નામથી જ હંમેશાં ચીડ રહી છે. હવે કોંગ્રેસને કોણ કહે કે વીર સાવરકર, જેમનું આખું નામ વિનાયક દામોદર સાવરકર હતું, તે ભારતના સ્વાધીનતા આંદોલનના અત્યંત મહત્ત્વપૂર્ણ હસ્તાક્ષર હતા. તેઓ એક મહાન ક્રાંતિકારી, રાષ્ટ્રવાદી વિચારક, લેખક અને વકીલ હતા. તેમનું જીવન અને કાર્ય ભારતીય ઈતિહાસના એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી અધ્યાયનું પ્રતિનિધિત્વ કરે છે. કદાચ, સવારકરના નામે ખૂલનારી કોલેજનો આંધળો વિરોધ કરનારા વીર સાવરકર વિશે પોતાનાં જ મહાન નેત્રી ઈન્દિરા ગાંધીનું મંતવ્ય જાણી લેતા.

ઈન્દિરા ગાંધી જ્યારે ભારતનાં સૂચના પ્રસારણ મંત્રી હતાં, ત્યારે તેમના જ નિર્દેશ પર વીર સાવરકર પર કેન્દ્રિત ડોક્યુમેન્ટ્રી ફિલ્મ તેમના વિભાગે બનાવી હતી. ઈન્દિરા ગાંધીના વડાપ્રધાન પદે સાવરકરની સ્મૃતિમાં એક ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. ઈન્દિરા ગાંધીએ સાવરકરને ‘રિમાર્કેબલ સન ઓફ ઈન્ડિયા’ તરીકે નવાજ્યા હતા. ઈન્દિરાએ ૨૦ મે ૧૯૮૦ના રોજ પંડિત બાખલે, સચિવ, ‘સ્વતંત્રવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારક’ના નામે સંબોધિત પત્રમાં સાવરકરના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. એ પત્રમાં તેમણે લખ્યું હતું, ‘વીર સાવરકરનો બ્રિટિશ સરકાર વિરુદ્ધ મજબૂત પ્રતિરોધ આપણા સ્વતંત્રતા આંદોલન માટે ઘણો મહત્ત્વનો છે. હું તમને દેશના મહાન સપૂતના શતાબ્દી સમારોહના આયોજન માટે શુભેચ્છા પાઠવું છું.’ અફસોર કે કોંગ્રેસીઓને સત્ય જાણવાથી કોઈ મતલબ નથી રહ્યો. તેમણે તો ખણખોદ જ કરવી છે. એટલા માટે જ આટલી જૂની પાર્ટી સંકોચાતી જાય છે.

વીર સાવરકર તો બાળપણથી જ દેશભકિતની ભાવનાથી ઓતપ્રોત હતા અને તેમણે બ્રિટિશ શાસન વિરુદ્ધ વિરોધમાં ભાગ લેવાનું શરૂ કરી દીધું હતું. સાવરકર ૧૯૦૫માં શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા ‘ઈન્ડિયા હાઉસ’માં સામેલ થવા માટે લંડન ચાલ્યા ગયા. લંડનમાં તેમણે ‘અભિનવ ભારત’ નામના એક ગુપ્ત ક્રાંતિકારી સંગઠનની સ્થાપના કરી, જેનો ઉદ્દેશ્ય ભારતને બ્રિટિશ શાસનથી મુક્ત કરવાનો હતો. તેમણે ‘૧૮૫૭નો ભારતીય સ્વતંત્રતા સંગ્રામ’ નામે પુસ્તક લખ્યું, જેમાં તેમણે ૧૮૫૭ના સિપાઈ વિદ્રોહને ભારતનો પહેલો સ્વતંત્રતા સંગ્રામ લેખાવ્યો. આ પુસ્તકને બ્રિટિશ સરકારે પ્રતિબંધિત કરી દીધંવ હતું. સાવરકરે ઈટલીના ક્રાંતિકારી નેતા ગિઉસેપ્પે મૈજિની પાસેથી પ્રેરણા લીધી અને તેમની ક્રાંતિકારી વિચારધારાને ભારતીય સંદર્ભમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો. ૧૯૧૦માં સાવરકરને નાસિક જિલ્લા મેજિસ્ટ્રેટ જેક્સનની હત્યામાં સામેલ હોવાના આરોપમાં ધરપકડ કરી લેવાઈ હતી. તેમને દોષી ઠેરવવામાં આવ્યા અને ૫૦ વર્ષની કારાવાસની સજા સંભળાવવામાં આવી. તેમને આંદામાન અને નિકોબાર સ્થિતિ સેલ્યુલર જેલમાં મોકલવામાં આવ્યા, જ્યાં તેમણે કેટલાય વર્ષો સુધી કઠોર યાતનાઓ સહન કરી. કાળા પાણીની સજામાં તેમણે એકાંત કારાવાસ, કઠોર શ્રમ અને અમાનવીય પરિસ્થિતિઓનો સામનો કર્યો. કોલામાં બળદની જેમ જોતરીને તેમની પાસે સૂકા નાળિયેરમાંથી તેલ કઢાવવામાં આવતું હતું.

સાવરકર હિંદુ રાષ્ટ્રવાદના એક પ્રખર તરફદાર હતા. તેમણએ એક મજબૂત અને એકજુટ હિંદુ રાષ્ટ્રની તરફેણ કરી. સાવરકરે જાતિ વ્યવસ્થા અને અસ્પૃશ્યતા જેવી સામાજિક બુરાઈઓ વિરુદ્ધ લડાઈ લડી. વીર સાવરકરનું એક શાનદાર ચિત્ર જૂના સંસદ ભવનના કેન્દ્રીય કક્ષમાં લાગેલું હતું. તેમના ચિત્રનું ૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.એપીજે અબ્દુલ કલામે સંસદ ભવનમાં અનાવરણ કર્યું હતું. જ્યારે સાવરકરનું ચિત્ર લગાવવાનું હતું ત્યારે પણ કોંગ્રેસે એમ કહીને વિરોધ કર્યો હતો કે તેઓ સાંસદ નહોતા. ત્યારે કોંગ્રેસીઓ ભૂલી ગયા હતા કે લોકમાન્ય તિલક તથા મહાત્મા ગાંધી જેવા રાજનીતિજ્ઞ અને સ્વાધીનતા સંગ્રામમાં મહત્ત્વનુંયોગદાન આપનારી હસ્તીઓ પણ સાસંદ ન હતા! તેમના ત્યાગ અને સમર્પણને જોતાં કેન્દ્રીય કક્ષમાં તેમનું ચિત્ર સ્થાપિત કરીને સન્માન આપવામાં આવ્યું.

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ થોડા સમય પહેલાં વીર સાવરકર પર બિનજરૂરી અને અપમાનજનક ટિપ્પણી કરી હતી. તેમની આ બાલિશતા પર શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરે પણ નારાજ થઈ ગયા હતા. જોકે વીર સાવરકર કોલેજ ખૂલવાથી રાજધાનીમાં એ મહાન સ્વાધીનતા સેનાનીના નામે મહત્ત્વપૂર્ણ પ્રતીક સ્થાપિત થઈ જશે. મોડે મોડે પણ રાજધાની દિલ્હીમાં હવે વીર સાવરકરનું એક મહત્ત્વનું પ્રતીક સ્થાપિત થવા જઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે સાવરકરના નામે બીજાં પણ પ્રતીકો અન્ય સ્થળોએ સ્થાપવાં જોઈએ, જેથી તેમના દેશપ્રેમ પરથી અન્ય લોકો પણ પ્રેરણા લઈ શકે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના કલા મહાકુંભનો પ્રારંભ કરાવતા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા

### કલા મહાકુંભનો ઉદેશ પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળે અને કલાકારોની આંતરિક શક્તિઓને પુરસ્કૃત કરવાનો છે : મંત્રી મુળુભાઈ બેરા





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૫

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, દેવભૂમિ દ્વારકા દ્વારા જિલ્લા કક્ષાના કલા મહાકુંભનો પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ પ્રારંભ કરાવ્યો હતો. આ તકે કેબિનેટ મંત્રીમુળુભાઈ બેરા એ જણાવ્યું હતું કે, કલા મહાકુંભનો ઉદેશ પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળે અને કલાકારોની આંતરિક શક્તિઓને પુરસ્કૃત કરવાનો છે. યુવાઓમાં રહેલી કલાત્મક પ્રતિભાઓને બહાર લાવવા માટે સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભ જેવા કાર્યક્રમો ખૂબ મહત્વના બની રહે છે. કલાકારો સાંસ્કૃતિક ધરોહરના સાચા પ્રહરીઓ છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બાળકો અને યુવાઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટેનું આ પ્રથમ પગલું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે વિકાસની સાથે સાથે સાંસ્કૃતિક વારસાનું જતન થાય તે જરૂરી છે. છેવાડાના ગામડાથી લઈ શહેર સુધી કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય અને પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળે છે. તેમજ સૌ કલાકાર મિત્રોને પોતાની કલા ક્ષેત્રે ખુબ પ્રગતિ કરવા તેમજ રાજયકક્ષાની સ્પર્ધાઓમાં પણ વિજય મેળવે તેમ શુભેચ્છા પાઠવી હતી. આ તકે અગ્રણી શ્રી પી.એસ. જાડેજાએ જણાવ્યું હતું કે, બાળકો અને યુવામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટેનું આ અનેરૂ આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે આ પ્લેટફોર્મના માધ્યમથી ભવિષ્યમાં કલા ક્ષેત્રે આગળ વધી શકાશે. માટે બાળકો અને યુવાઓ મનમાં કોઈ પણ જાતનો ભય રાખ્યા વગર તેમની અંદર રહેલી કલાને બહાર લાવે તેવી શુભકામના પાઠવું છે. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબતભાઈ હાથલિયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તાલુકા કક્ષા કલા મહાકુંભની સ્પર્ધાઓ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ જિલ્લા કક્ષાએ કુલ ૨૩ જેટલી સ્પર્ધાઓ યોજવામાં આવે હતી.

# ભારતની સર્વપ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ ‘આદિ : એ ન્યુ બિગીનીંગ’ અમદાવાદમાં તા.૧૮ અને ૧૯ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૫

“આદિઃ એ ન્યુ બિગીનીંગ", વિયેનાથી લઈને યુનાઈટેડ સ્ટેટસ સુધીની સાયકોડ્રામાની અકલ્પનીય યાત્રાની શતાબ્દીની ઉજવણી અને તેની વિશ્વમાં પરિવર્તનશીલ અસર અમદાવાદ, તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ : “આદિઃ એ ન્યુ બિગીનીંગ” ભારતની સર્વપ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ અમદાવાદમાં તા.૧૮ અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાશે. આ કોન્ફરન્સનું આયોજન સાયકોડ્રામા ઈન ઈન્ડિયા (પીઆઈઆઈ) દ્વારા કરવામાં આવ્યું છે, જે માનસ ધ ઈનસાઈડ સ્ટોરી (એમટીઆઈએસ)નું એક પગલું છે. આ સિમાચિન્હરૂપ કાર્યક્રમ સાયકોડ્રામાનાં પ્રણેતા ડો. જે એસ મોરેનોને હૃદયસ્પર્શી સ્મરણાંજલિ છે, કે જેમણે માનસિક સ્વાસ્થય સંભાળમાં પાયાનું પ્રદાન કર્યું છે અને તેની ૧૦૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બે દિવસનાં આ કાર્યક્રમમાં વિશ્વનાં જાણીતા સાયકોડ્રામેટિસ્ટસ દ્વારા ૧૩ પ્રયોગશીલ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી આ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા લોકોને સાયકોડ્રામાનાં ગ્રૂપ થેરાપી અભિગમ સાથે જોડાવાની અજોડ તક મળશે. સાયકોડ્રામા થેરાપી તેની વિશેષ લાક્ષણિકતાઓ જેમકે લાગણીશીલ માવજત, સ્વજાગૃતિ અને આંતરઅંગત સંબંધ માટે જાણીતી છે. ભારતની સંસ્કૃતિ અને માનસિક સ્વાસ્થય જરૂરિયાતોનાં સંદર્ભમાં સાયકોડ્રામા થેરાપી વિશેષપણે અનુકૂળ છે. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય તજજ્ઞો ભાગ લેશે. તેમાં ડો. માર્સિયા કાર્પ અને ઈવા ફલસ્ટોર્મ બોર્ગ (ફેડરેશન ઓફ યુરોપિયન સાયકોડ્રામા ટ્રેનીંગ ઓર્ગેનાઈઝેશન્સનાં સ્થાપક સભ્યો), ડો. કલાર્ક બેઈમ (બ્રિટિશ સાયકોડ્રામા એસોસિએશનના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ) ડો. જોશેન બેકર - એબલ, સવિતા ધવન અને કલોસ અર્ન્સટ હાર્ટર(જર્મની) તેમજ જુલિયા વિન્કલર નનાદુ(એસ્ટોનિયા)નો સમાવેશ થાય છે. ડો. જે એસ મોરેનોના પુત્ર ડો. જોનાથન મોરેનો આ ઈવેન્ટમાં યુનાઈટેડ સ્ટેટસથી વર્ચ્યુઅલી જોડાશે અને શતાબ્દી શ્રદ્ધાંજલિને અંગત સ્પર્શ આપશે.

આ ઈવેન્ટમાં ભારતમાંથી ભાગ લઈ રહેલા નિષ્ણાતોમાં ડો. ટી.ટી. શ્રીનાથ(ચેન્નાઈ), રશ્મિ દત્ત (મહિલા વેદડ્રામા, દિલ્હી), મગદાલિન જયરાથનમ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયકોડ્રામા, ચેન્નાઈના સ્થાપક) અને સરિતા શાહ (અમદાવાદ)નો સમાવેશ થાય છે.

સાયકોડ્રામા તે માત્ર સમય અને ખર્ચમાં જ અસરકારક છે તેવું નથી. આઘાત, ઉચાટ અને સંબંધોનાં પડકારોને અસરકારક ગાઢ રીતે સંબોધવામાં સાયકોડ્રામા અગત્યની ભૂમિકા ભજવે છે. સાયકોડ્રામામાં ગ્રુપ થેરાપી અને વ્યક્તિગત અનુભવો પર વધારે ભાર મૂકવામાં આવે છે, જેનાથી લાગણીશીલ અને મનોવૈજ્ઞાનિક સારસંભાળ માટે સાયકોડ્રામા શક્તિશાળી પધ્ધતિ પૂરવાર થયું છે. ભારતમાં કાર્યરત સાયકોડ્રામાનો હેતુ તમામ ભારતીય સંસ્થાઓ સમાન પ્લેટફોર્મ પર આવે અને વૈશ્વિક ધોરણો પ્રમાણે તાલીમ અને પ્રમાણપત્રનું ધોરણ અપનાવે તેવો છે. ભારતની વૈવિધ્યકૃત વસતિને અસરકારક રીતે સંબોધવામાં સાયકોડ્રામા માટે આ કોન્ફરન્સ અગત્યનું પગલું પૂરવાર થશે.

# માછીમારીની સમસ્યાઓ તથા પ્રશ્નોની જાણકારી માટે કલેક્ટરએ દરિયાઈ બોટની રૂબરૂ મુલાકાત લીધી

### દરિયાઈ સુરક્ષા અને સલામતી બાબતે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૫

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ માછીમારોની કામગીરી અને તેમાં પડતી મુશ્કેલીઓ તથા સમસ્યાઓની જાણકારી માટે દરિયાઈ બોટોની મુલાકાત લીધી હતી. કલેકટરએ તેમની આ મુલાકાત દરમ્યાન માછીમાર બોટ એસોસીએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ, માછીમાર આગેવાનો અને સમાજના પટેલ દામજીભાઈ ફોફંડી સાથે માછીમારોના પ્રશ્નો અને માછીમારી કઈ રીતે થાય છે. તેની જાણકારી મેળવી માછીમારી પ્રવૃત્તિઓની પ્રત્યક્ષ જાણકારી મેળવવા માટે દરિયાઈ બોટમાં જઈને દરિયાઈ સુરક્ષા સંદર્ભે જરૂરી જાણકારી મેળવી હતી. કલેકટરએ માછીમારો માછીમારી કરવા જતાં પહેલાં માછીમારો કઈ તૈયારીઓ કરે છે. કેટલો બરફ, ડિઝલ અને રાશન પાણી સાથે તેઓ દરિયામાં જાય છે વગેરે વિશેની જાણકારી તેમણે માછીમાર સમાજના આગેવાનો પાસેથી મેળવી હતી. કલેકટરએ આ મુલાકાત દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં મોટા પાયા પર દરિયાકિનારો આવેલો હોવાથી જિલ્લાની સરહદો સુરક્ષિત રહે તે માટે માછીમારોને દરિયાઈ સુરક્ષા અને સલામતી બાબતે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

# કુંભના મેળામાં પ્રથમ દિવસે ૨૫૦ લોકો વિખુટા પડ્યા

### ભારે ભીડના કારણે પોતાના પરિવારથી છૂટા પડેલા ૨૫૦થી વધારે લોકોને મેળા પ્રશાસને ફરીથી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રયાગરાજ,તા.૧૫

મહાકુંભ ૨૦૨૫ના પ્રથમ દિવસે સવાર-સવારમાં ભારે ભીડના કારણે પોતાના પરિવારથી છૂટા પડેલા ૨૫૦થી વધારે લોકોને મેળા પ્રશાસને ફરીથી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. પ્રયાગરાજમાં મહાકુંભ મેળાના ઉદ્?ઘાટન દિવસે પૌષી પૂનમ સ્નાન ઉત્સવ મનાવવામાં આવ્યો, જે દરમ્યાન લાખો શ્રદ્ધાળુઓએ પવિત્ર સંગમ સ્નાન માટે એકઠા થયા હતા. મહાકુંભનું સમાપન ૨૬ ફેબ્રુઆરીએ થશે. ભારે ભીડને કાબૂ કરવા માટે ઉત્તર પ્રદેશ સરકારે ભૂલા ભટક શિબિર, પોલીસ સહાયતા કેન્દ્ર અને મેળા માટે ખાસ રીતે નિર્મિત વોચટાવર પર કર્મચારીઓને તૈનાત કર્યા. આ ઉપરાંત પણ કેટલાય ઉપાય કર્યા છે. આ શિબિરોમાં ખોવાયેલી મહિલાઓ અને બાળકો માટે સમર્પિત સેક્શન છે, સાથે જ ડિજિટલ ગેજેટ્સ અને સોશિયલ મીડિયા હેલ્પથી ખોયા-પાયા કેન્દ્ર પણ છે.ઘાટના કિનારે લાગેલા સાઉન્ડસ્પીકર સતત ગુમ થયેલા લોકોના નામની જાહેરાત કરી રહ્યા છે. જેના થકી લોકો ફટાફટ મળી રહ્યા છે, જ્યારે પોલીસ અને નાગરિક સુરક્ષાકર્મી એક્ટિવ થઈને તીર્થયાત્રીઓની મદદ કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશ નાગરિક સુરક્ષા વોર્ડન નિતેશ કુમાર દ્વિવેદીએ તેના વિશે જાણકારી આપી છે. દ્વિવેદીએ શરૂઆતી અનુમાનથી ક્યાંય વધારે ભીડને સંભાળવી એક પડકાર છે. તેમણે કહ્યું કે, “વિભાગ અને મેળા અધિકારીઓની દેખરેખમાં અસંખ્ય પરિવારોને ફરીથી મિલન કરાવ્યું છે. પહેલા દોઢ કલાકમાં જ અમારી નાગરિક સુરક્ષા ટીમે લગભગ ૨૦૦થી ૨૫૦ લોકોને તેમના પરિવાર સાથે મિલન કરાવવામાં સફળ રહી.”

# લોઢવા કન્યા પ્રાથમિક શાળામાં આંતર શાળાકીય ગણિત વિજ્ઞાન મેળો યોજાયો




(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૧૫

સુત્રાપાડા તાલુકાના શ્રી લોઢવા કન્યા પ્રાથમિક શાળામાં અંબુજા ફાઉન્ડેશન દ્વારા આંતર શાળાકીય ગણિત વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોઢવા કલસ્ટર ની ૧૧ જેટલી શાળાઓમાંથી ૩૮ જેટલા વિધાર્થીઓ દ્વારા ૧૯ કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં લોઢવા ગામના સરપંચશ્રી, અંબુજા ફાઉન્ડેશન સિનિયર રિજનલ પ્રોગ્રામ ડાયરેકટર, માઈન્સ મેનેજર વગેરે હાજર રહ્યા હતા, ગણિત વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ તમામ વિધાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા.

કુલ કૃતિઓમાંથી પ્રથમ ત્રણ કૃતિ પસંદ કરી તેને વિશેષ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ દરેક માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય પરેશભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળા શિક્ષક દિપેનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

માંગનારને ન આપવું, એ મરણ સમાન છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૨, તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૫, બુધવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૪, પુષ્ય નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭ઃ૩૬, સૂ.અ.૬ઃ૨૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ:આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન:વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક:કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

# બિહાર પેપર લીક વિવાદ : બીપીએસસીના ઉમેદવારો ૩ સપ્તાહ બાદ પણ હજુ કેમ આંદોલન કરી રહ્યા છે?

## બિહાર જાહેર સેવા આયોગની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પેપર લીક થયાની અફવા પછી વિરોધ આંદોલન કરી રહ્યા છે જેના કારણે સમગ્ર પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે, જોકે સુપ્રીમ કોર્ટે પરીક્ષા રદ કરવાની માગણી કરતી અરજી સાંભળવાનો ઈન્કાર કર્યો છે

પટણા,તા.૧૫

બિહારની રાજધાનીનો ગરદની બાગ વિસ્તાર બિહાર વિધાનસભાથી માત્ર ૩૦૦થી ૪૦૦ મીટર દૂર જ આવેલો છે જ્યાં કામ ચલાવું ઊભા કરેલા તંબુમાં ૨૨થી ૩૭ વર્ષની વયના એકાદ ડઝન યુવાનો બેઠા છે અને youtube ચેનલ તથા જાતજાતની ચેનલોને મુલાકાતો આપી રહ્યા છે અને પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે. તેઓ નીતિશકુમાર સરકારની સામે અને બિહારના જાહેર સેવા આયોગ સામે સૂત્રો પોકારી રહ્યા છે. તંબુમાં સરકાર વિરોધી સૂત્રો અને લખાણોના પોસ્ટર લટકતા દેખાય છે. આવા એક પોસ્ટરમાં પ્રશ્નપત્રની જેમ કોઈપણ એક વિકલ્પ આપો તે પ્રકારનું એક લખાણ છે જેમાં એવું લખ્યું છે કે “બિહાર જાહેર સેવા આયોગની ૭૧મી પરીક્ષામાં પૂછાનારા સંભવિત પ્રશ્નો, જાહેર સેવા આયોગ બિહારના ચેરમેનના મતે દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓ આ પ્રકારના છે; a (ગંભીર નથી), b,(અસામાજિક તત્વો છે), c (તોફાનીઓ અને ડખો કરનારા) અને d (ઉપર દર્શાવેલા તમામ વિકલ્પો જેવા). સુમંતકુમાર ૧૮મી ડિસેમ્બરથી આ વિસ્તારમાં ધરણા પર બેઠા છે અને ભયાનક ઠંડીનો પણ સામનો કરી રહ્યા છે એમની માગણી છે કે ૭૦મી પ્રિલિમિનરી પરીક્ષા ફરીથી લેવી જોઈએ કેમ કે પારદર્શક રીતે પરીક્ષા લેવાઈ નથી એવી અમને શંકા છે. સુમંતકુમાર દ્વારા બીજી વખત આ પરીક્ષા આપવામાં આવી હતી. તેઓ ઈતિહાસના વિષય સાથે સ્નાતક થયા છે અને કહે છે કે આ પરીક્ષા મારા માટે ખૂબ મહત્વની છે કેમ કે જો આ વખતે હું નિષ્ફળ ગયો તમારે મારા પરિવારનો મોલનો ધંધો સંભાળવો પડશે જે હું કરવા માંગતો નથી. તેમણે કહ્યું કે આ માટે હું અહીં છું અને તૈયારીઓ કરી રહ્યો છું અને દર મહિને રૂા.૫,૦૦૦નો ખર્ચ થાય છે. એમના આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાનું પેપર ઘણા બધા કેન્દ્રોમાં લીક થયું હતું જે લોકો આ પ્રકારની પ્રવૃત્તિ કરતા માફિયાઓ સાથે મિલીભગત ધરાવે છે તેવા લોકો પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ જશે જ્યારે મારા જેવા બીજા હજારો ઉમેદવારો આ વખતે પણ ક્વોલીફાય નહીં થઈ શકે. અભિનવ કુમાર પણ આંદોલનમાં જોડાયા છે અને એમણે આ ચોથી વખત પરીક્ષા આપી છે. તેઓ કહે છે કે રાતભર અમને ભયાનક ઠંડીમાં મચ્છરો ચટકા ભરે છે, ડંખ મારે છે અને પાસેની ગટરમાંથી ગંદકીની ભયાનક વાસ આવે છે પણ છતાં અમે અહીં બેઠા છીએ પણ સરકાર અમારૂ સાંભળતી નથી. આ પ્રકારના પેપર લીકના અને પરીક્ષામાં ગોટાળાના આક્ષેપો ૬૭મી પ્રિલિમિનરી પરીક્ષા વખતે પણ થયા હતા પરંતુ એ સમયે બિહાર જાહેર સેવા આયોગ દ્વારા તમામ કેન્દ્ર ઉપર ફેર પરીક્ષા લેવામાં આવી હતી પણ આ વખતે એવું લાગે છે કે અમલદારો સરકાર ચલાવી રહ્યા છે અને નીતીશકુમાર આ બાબતમાં જાગૃત નથી એવું વિદ્યાર્થીઓનું માનવું છે.અભિનવ કહે છે કે એ કેવા મુખ્યમંત્રી જેમની કારકિર્દી વિદ્યાર્થી આંદોલન સાથે શરૂ થઈ હતી તેઓ વિદ્યાર્થીઓ પ્રતિ આટલા નિષ્ઠુર કેમ બની શકે?!

બિહાર જાહેર સેવા આયોગની રચના પેલી એપ્રિલ ૧૯૪૯ના રોજ થઈ હતી જેનું તમામ સંચાલન બંધારણની કલમ ૩૨૦ અને ૩૨૧ મુજબ થાય છે. આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓના આધારે રાજ્ય સરકારની સેવાઓ માટે ઉમેદવારોની ભરતી કરવામાં આવે છે અને ભરતી તથા બદલી અને બઢતી જેવા વિષયોમાં સરકારને સલાહ પણ આપે છે. આવી પરીક્ષાઓ બે તબક્કામાં લેવામાં આવે છે જેમાં પહેલો તબક્કો પ્રિલિમિનરી કહેવાય છે જો એમાં ઉમેદવાર સફળ થઈ જાય તો મુખ્ય લેખિત પરીક્ષામાં હાજરી આપવાની રહે છે એ પછી તેમાં સફળ થનારને ઈન્ટરવ્યૂ રાઉન્ડનો સામનો કરવાનો રહે છે. ડિસેમ્બરમાં આયોગ દ્વારા ૭૦મી પ્રિલીમ પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્ય સરકારના ૧૭ વિભાગો માટેની ૨૦૩૧ ખાલી પડેલી જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવી હતી અને ૪.૮૩ લાખ ઉમેદવારોએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી અને તેમાંથી ૩.૨૫ લાખ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા એ માટે રાજ્યમાં ૯૧૨ પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨ કેન્દ્રો તો પટાણાના બાપુ પરીક્ષા કેન્દ્રમાં જ ઊભા કરવામાં આવ્યા હતા અને ત્યાંથી જ પેપર લીક થયું હોવાનું અને એ કેન્દ્ર જ પેપર લીકનું ઉદગમ સ્થાન હોવાનું કહેવાય છે એટલે જ તમામ કેન્દ્રની પરીક્ષા ફરીથી લેવાની માંગણી થઈ રહી છે. વિદ્યાર્થીઓનો એવો પણ આક્ષેપ છે કે કોચિંગ સેન્ટરના મોડેલ પેપરમાં બતાવવામાં આવેલા પ્રશ્નો જ આ પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવ્યા હતા જે દર્શાવે છે કે પેપર લીક થયું જ છે.

**બાપુ એકઝામ સેન્ટરમાં શું બન્યું ?**

ઘણા બધા ઉમેદવારોએ કહ્યું કે બાપુ એકઝામ સેન્ટરમાં ઘણી બધી શંકાસ્પદ ચીજો જોવા મળી છે અને અહીં તે જ પેપર લીક થયું છે. ઘણી બધી હકીકતો એવી છે જે શંકાસ્પદ છે જેમ કે પ્રશ્નપત્ર કેન્દ્ર ઉપર ખૂબ જ મોડું પહોંચ્યું હતું. બપોરે ૧૨ વાગ્યે પરીક્ષા શરૂ થવાની હતી પણ બાપુ સેન્ટરમાં પ્રશ્નપત્ર ૧૧-૫૫ વાગે આપવામાં આવ્યું હતું એ સમયે કેન્દ્રમાં અઢીસોથી વધુ ઉમેદવાર હતા એટલે દરેક ઉમેદવારને પ્રશ્નપત્ર પહોંચાડવામાં સમય લાગી ગયો અને ૧૨-૨૫ વાગ્યા સુધીમાં પ્રશ્નપત્ર પહોંચ્યા એટલે ૨૫ મિનિટ મોડી પરીક્ષા શરૂ થઈ અને બપોરે બે ૨૫ વાગ્યે તો પેપર ભરીને પાછું આપી દેવાનું હતું પણ છતાં બે અને દસ વાગ્યે જ બધા પાસેથી પેપર લઈ લેવામાં આવ્યા હતા. અન્ય કેન્દ્રના ઉમેદવારોએ તો ઓપ્ટિકલ માર્કની ઓળખ કરતા તે પેપર જ ફાડી નાખ્યા હતા અને એમનો પણ એવો જ આક્ષેપ હતો કે મુખ્ય પેપર લીક થયું છે એટલે ઓએમઆર શીટનું કોઈ મહત્વ નથી. ઘણાને એવું લાગ્યું હતું કે પરીક્ષા જ રદ કરવામાં આવી રહી છે એટલે જે જવાબો લખ્યા છે તેની આન્સરશીટ પાછી આપવામાં પણ કોઈ ફાયદો નથી એટલે તમામ આન્સરશીટ ચારે તરફ વેરાયેલી જોવા મળી હતી. પગથિયાઓ ઉપર પણ વેરાયેલી અને ફેંકી દેવાયેલી જોવા મળી હતી. વળી બાયોમેટ્રિકને બદલે રજીસ્ટરમાં નોંધણી મારફત ઉમેદવારોની હાજરી લેવામાં આવી હતી. બિહાર જાહેર સેવા આયોગનો એવો બચાવ છે કે માત્ર અફવાઓ ફેલાય છે અને એક કાવતરૂ થયું છે. પરીક્ષા પૂરી થયા પછી દસ દિવસ સુધી અમને કોઈ ફરિયાદ મળી નથી. પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના મોડેલ પેપર મુજબ લેવામાં આવ્યા હતા જેના કારણે અનિચ્છનીય તત્વોએ અફવાઓ ફેલાવી દીધી હતી. આ ખૂબ જ પદ્ધતિસરનું કાવતરૂ છે અને લોકોને ગેરમાર્ગે દોરીને એમને ઉશ્કેરવામાં આવ્યા છે એવું આયોગનું નિવેદન કહે છે. ઉમેદવારોએ એવું કહ્યું છે કે ખુદ આયોગ દ્વારા જ તે કબૂલ કરવામાં આવ્યું હતું કે બાપુ એકઝામ સેન્ટરમાં કોઈ ગરબડ થઈ છે અને પરીક્ષા ફરીથી લેવામાં આવશે એટલે હવે આવા ખુલાસા કરે છે તો અમારે આ પંચ ઉપર કેવી રીતે ભરોસો કરવો એવું ધરણા કરી રહેલા એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું. દરમ્યાન ઉમેદવારોના આંદોલનને ઘણા ખાનગી કોચિંગ શિક્ષકોએ પણ ટેકો જાહેર કર્યો છે. એક આંદોલનકારી વિદ્યાર્થીએ પોતાનું નામ નહીં આપવાની શરતે કહ્યું હતું કે અમારા વિરોધ અને આંદોલનની ન તો મીડિયા નોંધ લઈ રહ્યું છે કે ન તો સરકાર કોઈ ધ્યાન આપી રહી છે એટલે અમે હવે આંદોલન વધુ પ્રોગ્રામ બનાવી રહ્યા છીએ. દરમ્યાન ૧૮મી ડિસેમ્બરે અન્ય વિદ્યાર્થીઓની સાથે દિલ્હીના ખાનગી કોચિંગ સેન્ટરના રોહિત પ્રિયદર્શીની પણ પોલીસે ધરપકડ કરી હતી અને એમને એ શરતે જામીન અપાયા હતા કે તેઓ આયોગ વિશે કશું લખશે નહીં અને ક્યાંય દેખાવો નહીં કરે કે નિવેદન નહીં આપે. એ પછી જનસુરાજ પાર્ટીએ પણ આંદોલનમાં ઝંપલાવી દીધું છે. પક્ષના સ્થાપક અને નેતા પ્રશાંત કિશોરે ગરદની બાગથી ગાદી મેદાન સુધી કૂચ કરી હતી અને આમરણ ઉપવાસ પર બેસી ગયા હતા પરંતુ પોલીસે ૩૧ ડિસેમ્બરે કિશોરની ધરપકડ કરી લીધી હતી અને બળજબરીથી એમને ઉપવાસ છાવણીમાંથી ઉપાડી લેવામાં આવ્યા હતા. જામીન ઉપર મુક્ત થયા પછી પ્રશાંત કિશોરે એવો આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાઓમાં ખૂબ જ મોટા પાયે ગેરરીતિઓ થઈ છે અને સરકાર જ્યાં સુધી ઉમેદવારોની માંગણી સ્વીકારશે નહીં ત્યાં સુધી હું આંદોલન ચાલુ રાખીશ. તેમણે કહ્યું હતું કે સરકારી નોકરીઓ રૂપિયા એકથી દોઢ કરોડમાં વેચાતી હોય છે અને આ રૂપિયા ૧૦૦૦ કરોડનું બહુ મોટું કૌભાંડ છે. પોલીસની કાર્યવાહીને કારણે ગાંધી મેદાન પર તો આંદોલનનો અંત આવ્યો છે પણ ગરદની બાગ ખાતે વિદ્યાર્થીઓ હજુ ધરણા કરી રહ્યા છે અને તંબુમાં બેસીને વિરોધ કરી રહ્યા છે અને ત્યાં આંદોલન હજુ ચાલુ જ છે. એ ઉમેદવાર કહે છે કે અમે અમારા પરિવારથી દૂર રહીને પરીક્ષાની તૈયારીઓ કરીએ અને અહીં આવીએ ત્યારે ખબર પડે કે ગરબડ થઈ ગઈ છે અને અમારી તમામ મહેનત પાણીમાં જાય છે.

# શાળાઓમાં મોબાઇલના પ્રતિબંધ સહિતના આદેશો અને કડક પગલાંની જાહેરાત થઇ શકે

## રાજ્યમાં સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના મુદ્દે શિક્ષકો, વાલીઓ-બાળકો વગેરે માટે ગાઇડલાઇન જાહેર કરાશે

ગાંધીનગર તા.૧૫

સુરતમાં તાજેતરમાં માતાપિતાએ મોબાઈલના ઉપયોગ મામલે ટકોર કરતા બે યુવતીઓએ આપઘાત કરી લીધો હતો. આ બનવાની રાજ્યભરમાં ચર્ચા થઈ રહી છે. ત્યારે આ પ્રકારના બનાવોથી ગુજરાત સરકાર ચિંતિત થઈ અને સ્માર્ટ ફોન તથા સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર અંકુશ લાવવા તૈયારીઓ કરી લીધી છે. ઓસ્ટ્રેલિયા પછી દેશમાં સૌપ્રથમવાર ગુજરાત સરકાર સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનના યુઝ ઉપર ગાઈડલાઈન લાવવાની તૈયાર કરી રહી છે. સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરી રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્વર્ણિમ સંકુલ-૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બાળકોને સોશિયલ મીડિયાસ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકીએ તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય શિક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, બાળકો-વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાઈકિયાટ્રિસ્ટની સાથે પરામર્શ કરી એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન શરૂ કરવામાં આવશે. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે



અને રમત-ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવશે. જેમાં શિક્ષકોનો કલાસરૂમમાં મોબાઈલના ઉપયોગ ઉપર પ્રતિબંધ, અને પ્રાથમિક શાળાના બાળકો મોબાઈલ લઈને શાળામાં ન જઈ શકે તે માટે કડક પગલા લેવામાં આવશે. બાળકોના સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન અને રમત ગમત જેવી પ્રવૃતિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિતગાર કરવામાં આવશે, આ સાથે મંત્રીએ બાળકોના માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, તેઓ પોતાના બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે. વધુમાં મંત્રીએ એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુને વધુ પહોચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકશાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાનો જીવન ઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે. આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, ટેકનિકલ કમિશનર બંછાનિધિ પાની, નિયામક ઉચ્ચ શિક્ષણ દિનેશ ગુરૂ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર લલિત નારાયણ સંધુ, શાળાઓના નિયામક પ્રજેશ રાણા, નિયામક પ્રાથમિક શાળા એમ.આઈ.જોષી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ રાજેશ ગુપ્તા, સિવિલ હોસ્પિટલના સાઈકિયાટ્રિસ્ટ કૌશલબેન જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# નાગરિકોને કોઈ માહિતી મળી રહી નથી, બધા RTI કાયદાને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે : સુપ્રીમ કોર્ટમાં અરજી



નવી દિલ્હી, તા.૧૫

રાજ્ય અને કેન્દ્રીય માહિતી પંચોમાં સતત ખાલી રહેલી જગ્યાઓ અંગે સુપ્રીમ કોર્ટે આજે ચિંતા વ્યક્ત કરી હતી અને ટકોર કરી હતી કે, માહિતી પંચ જેવી સંસ્થાઓને બિનકાર્યરત બનાવીને માહિતીના અધિકારના કાયદો નકામું બનાવી શકાય નહીં. અરજદાર અંજલિ ભારદ્વાજની સુપ્રીમમાં થયેલી અરજી અંગે દલીલો કરતા એડવોકેટ પ્રશાંત ભૂષણે દેશમાં માહિતી પંચની કામગીરી બાબતમાં ગંભીર ચિત્ર સુપ્રીમ સમક્ષ રજૂકર્યો હતો અને કહ્યું હતું કે, સુપ્રીમના ફેબ્રુઆરી ૨૦૧૯ના ચુકાદાનો જેમાં નિમણૂકો અંગેની પારદર્શિતા અંગે વિગતવાર ગાઈડલાઈન્સ આપવામાં આવી છે એ ચુકાદાનું અમલ કરવાને બદલે મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરની જગ્યાઓ ખાલી પડી છે અને પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. એડવોકેટ પ્રશાંત ભૂષણે આગળ જણાવ્યું હતું કે, આરટીઆઈ કાયદાનો અમલ કરવાની દિશામાં કેન્દ્ર અને રાજ્યોનો પાછી પાની કરતા હોય એવો એમનો અભિગમ દેખાય છે કેમ કે માહિતી પંચમાં તમામ મહત્ત્વની જગ્યાઓ હજુ ખાલી પડી છે અને તેના કારણે નાગરિકોને કોઈ માહિતી મળી રહી નથી બધા સાથે મળીને આરટીઆઈ કાયદાને ખતમ કરવાના પ્રયાસો કરી રહ્યા હોય એવું લાગે છે કેમ કે કોઈપણ સરકાર નાગરિકોને માહિતી આપતી નથી. માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટેની પસંદગી પ્રક્રિયા પરિપૂર્ણ કરવામાં કેન્દ્ર સરકારના આળસભર્યા અભિગમ સામે સખત વાંધો લેતા જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ એન.કે. સિંહે ટકોર કરી હતી કે, ખાલી પડેલી આ જગ્યાઓ ઉપર ભરતી માટેની હદ મર્યાદા ત્યાં સુધીની અને કેટલી છે તે કેન્દ્ર સરકાર બે સપ્તાહમાં અદાલતને જણાવે. કાયદા હેઠળ રચાયેલી એક સંસ્થા અને આવી રીતે બિનકાર્યરત કરી દેવાનો શું મતલબ છે એ સમજાવો. ઝારખંડ રાજ્યમાં તો ચાર વર્ષથી રાજ્ય માહિતી પંચની કામગીરી ઠપ થયેલી છે અને કોઈ કામ થયું નથી. તમામ રાજ્યોને આ હોદ્દાઓ ઉપરના અરજદારોની સંપૂર્ણ યાદી આપવા માટે આદેશ આપ્યો છે અને એ માટે એક સપ્તાહનો સમય આપ્યો છે અને એ પછીના સપ્તાહમાં પસંદગીના માપદંડ સાથેની સર્ચ કમિટીઓ બનાવવા માટે પણ તાકીદ કરી છે અને છ સપ્તાહમાં એ તમામ લાયક ઉમેદવારોના ઈન્ટરવ્યૂ પૂરા કરી લેવાનો સમય આપ્યો છે અને એ પછીના બે સપ્તાહમાં નિમણૂકો કરી દેવાની તાકીદ કરી છે.

# રાજ્યમાં આ વખતે બોર્ડની પરીક્ષામાં ૩૦૦થી ઓછા વિદ્યાર્થીઓ માટે પણ કેન્દ્ર

- શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત અને નાયબ નિયામકનો પણ સમાવેશ કરાયો
- ઓછા વિદ્યાર્થીના કિસ્સામાં પરીક્ષા સમિતિ ભૌગોલિક સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખી મંજૂરી આપશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં હવે જો ૩૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો પણ કેન્દ્ર ફાળવી શકાય તેવો નિર્ણય લેવાયો છે. ૩૦૦થી ઓછી સંખ્યામાં કેન્દ્રની ફાળવણી વખતે ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગોને ધ્યાનમાં રાખીને પરીક્ષા સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત નિયામક અને નાયબ નિયામકનો પણ સમાવેશ કરવાનો નક્કી કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી લેવામાં આવનાર છે. શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિઓ પૈકી હાલમાં પરીક્ષા નજીકમાં છે ત્યારે પરીક્ષા સમિતિ દ્વારા વિવિધ નિર્ણયો કરવામાં આવતા હોય છે. જેમાં પરીક્ષા માટે નવા કેન્દ્રને મંજૂરી આપવા તથા ગેરરીતિ ધરાવતા કેન્દ્રોને રદ કરવા સહિતના નિર્ણયો પરીક્ષા સમિતિમાં લેવામાં આવતા હોય છે. આગામી પરીક્ષાને લઈ હવે ટૂંક સમયમાં પરીક્ષા સમિતિ દ્વારા આ અંગેની કામગીરી શરૂ કરવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં શિક્ષણ બોર્ડના વિનિયમમાં ઘણા ફેરફાર કર્યા છે. અત્યાર સુધી બોર્ડની પરીક્ષામાં કેન્દ્ર પર ઓછામાં ઓછા ૩૦૦ પરીક્ષાર્થીઓની સંખ્યા હોવાઈ જોઈએ એવી જોગવાઈ હતી. પરંતુ હવે નવા ફેરફાર મુજબ સ્થળની ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગો ધ્યાને લઈને ૩૦૦ કરતાં ઓછા પરીક્ષાર્થીઓ હોય તેવા સંજોગોમાં પરીક્ષા સમિતિ ધારા-ધોરણોમાં છૂટછાટ લઈ શકશે. આ ઉપરાંત પરીક્ષા સમિતીમાં હવે સંયુક્ત નિયામક (પરીક્ષા) અને નાયબ નિયામક (પરીક્ષા)નો પણ સમાવેશ થશે. અત્યાર સુધીમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષક તેમજ ૬ સભ્યોને મુકવામાં આવતાં હતા. આ સમિતીમાં સભ્ય સચિવ તરીકે પણ સંયુક્ત અને નાયબ નિયામક રહેશે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના માળખા સાથે બોર્ડના વિનિયમોમાં સુધારા કરવામાં આવ્યાં છે. શિક્ષણ બોર્ડ અને સરકારમાં ઘણાબધા અધિકારીઓને સચિવ તરીકે સંબોધવામાં આવે છે. જેથી શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષાનો કાર્યભાર સંભાળતાં અધિકારીને પરીક્ષા સચિવ તરીકે નહીં પણ નાયબ નિયામક (પરીક્ષા) તેમજ સંયુક્ત નિયામક (પરીક્ષા) તરીકે ઓળખવાનો નિર્ણય કર્યો છે

# સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો એ ‘જાહેર સેવક’ નથી : લોકપાલ



નવી દિલ્હી, તા.૧૫

લોકપાલે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું છે કે, ઉચ્ચ અદાલતો અને ગૌણ અદાલતોના ન્યાયાધીશો તેમના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, પરંતુ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને મુક્તિ આપવામાં આવી છે કારણ કે, તેઓ ‘જાહેર સેવક’ નથી. આ નિર્ણય ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી.વાય. ચંદ્રચૂડ સામે દાખલ કરાયેલી ફરિયાદને ફગાવી દેતી વખતે લેવામાં આવ્યો હતો. ૩૮૨ પાનાની આ ફરિયાદમાં પૂર્વ મુખ્ય ન્યાયાધીશ દ્વારા ચોક્કસ રાજકારણી અને રાજકીય પક્ષની તરફેણ કરવા માટે ભ્રષ્ટાચાર અને સત્તાનો દુર્ભાવનાપૂર્ણ ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જો કે, લોકપાલે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો ઉપર તેના અધિકારક્ષેત્રનો અભાવ હોવાનો ઉલ્લેખ કરીને આ અરજીને ફગાવી દીધી હતી. આ અરજી ૧૮ ઓકટોબરે દાખલ કરવામાં આવી હતી. લોકપાલના ૩ જાન્યુઆરીના આ ચુકાદા મુજબ CJI અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો ‘જાહેર સેવક’ની વ્યાખ્યા હેઠળ આવશે નહીં કારણ કે, સુપ્રીમ કોર્ટ સંસદના કોઈપણ કાયદા હેઠળ નહીં પરંતુ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪ હેઠળ સ્થાપિત થઈ હતી. ન્યાયાધીશ એ.એમ. ખાન વિલકરની અધ્યક્ષતામાં લોકપાલ કોરેમે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટને સંપૂર્ણપણે કે આંશિક રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતું નથી કે તેના દ્વારા નિયંત્રિત નથી. સુપ્રીમ કોર્ટના ખર્ચનો ભારતના સંકલિત ભંડોળમાંથી કરવામાં આવે છે અને તે કેન્દ્ર સરકાર દ્વારા પૂરૂં પાડવામાં આવતા ભંડોળ ઉપર આધારિત નથી. લોકપાલે જણાવ્યું હતું કે, ભારતની સર્વોચ્ચ અદાલત, ન્યાયાધીશોની સંસ્થા હોવા છતાં ૨૦૧૩ના કાયદાની કલમ ૧૪ (૧)(એફ)માં ઉપયોગમાં લેવાતી સંસ્થાની અભિવ્યક્તિના દાયરામાં આવતી નથી, કારણ કે, તે સંસદના કાયદા દ્વારા સ્થાપિત નથી. સુપ્રીમ કોર્ટને સંપૂર્ણપણે કે આંશિક રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતું નથી કે તેના દ્વારા નિયંત્રિત નથી. સુપ્રીમ કોર્ટના ખર્ચનો ભારતના સંકલિત ભંડોળમાંથી કરવામાં આવે છે અને તે કેન્દ્ર સરકાર દ્વારા પૂરૂં પાડવામાં આવતા ભંડોળ ઉપર આધારિત નથી. તે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવા પર કે તેના દ્વારા કોઈપણ રીતે નિયંત્રિત થવા ઉપર આધારિત નથી, જેમાં તેના વહીવટી કાર્યોનો પણ સમાવેશ થાય છે. આ જ તર્ક સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અથવા ભારતના મુખ્ય ન્યાયાધીશને લાગુ પડવો જોઈએ, એટલે કે કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ કે આંશિક રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવતું નથી અથવા તેના દ્વારા નિયંત્રિત થતું નથી. જો કે, લોકપાલે આ ચુકાદાને સંસદના કાયદા હેઠળ સ્થાપિત ઉચ્ચ અદાલતો સહિત અન્ય અદાલતોના ન્યાયાધીશોથી અલગ પાડ્યો હતો. લોકપાલે સ્પષ્ટતા કરી કે, અત્યાર સુધી રજૂ કરાયેલ દષ્ટિકોણ ફકત ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪ દ્વારા સ્થાપિત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયાધીશની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવે છે. આ દષ્ટિકોણ કાયદા હેઠળ સ્થાપિત ઉચ્ચ અદાલતો સહિત અન્ય અદાલતોના ન્યાયાધીશોને સ્પષ્ટપણે લાગુ પડી શકતો નથી. આ ફરિયાદને તેના અધિકારક્ષેત્ર દ્વારા પ્રતિબંધિત ગણાવીને લોકપાલે અવલોકન કર્યું કે, અમે સ્પષ્ટ કરીએ છીએ કે, ફરિયાદીએ કાયદામાં માન્ય હોય તેવા અન્ય ઉપાયો કરવા જોઈએ.

# ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સુદ્રઢ બનાવવા માટે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનની સાથે સહભાગીદારી કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૫



નવીનીકરણ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (એનઆઈએફ)ની સાથે સહભાગીદારી કરી છે. આ બંને સંગઠનોએ હાલમાં જ એક મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે, જે વિદ્યાર્થીઓ, નવપ્રવર્તકો અને ઉદ્યોગસાહસિકોને તેમના વિચારોને પ્રભાવશાળી ઉદ્યમોમાં રૂપાંતરિત કરવા માટે જરૂરી સાધનો, માર્ગદર્શન અને સંસાધનો પૂરાં પાડીને તેમનું સશક્તિકરણ કરવાના સંયુક્ત દ્રષ્ટિકોણને સૂચવે છે.

આ સહયોગના ભાગરૂપે સ્વર્ણિમ યુનિવર્સિટી અને એનઆઈએફ સ્થાયી વિકાસ, ટેકનોલોજી અને સામાજિક નવીનીકરણ જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો ઉપર કેન્દ્રીત સંયુક્ત સંશોધન અને વિકાસની પહેલમાં સંકળાશે. વધુમાં વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકોનું કૌશલ્યવર્ધન કરવા તેમને બિઝનેસ મેનેજમેન્ટ, ટેકનોલોજી અને પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં કુશળ બનાવવા કૌશલ્ય વિકાસ અને તાલીમના કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે. આ એમઓયુ યુનિવર્સિટીના ગાંધીનગરમાં આવેલા કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું, જે પ્રારંભિક તબક્કાના ઉદ્યમોને પ્રોત્સાહન આપીને, તેમને અત્યાધુનિક આંતરમાળખાંનું એક્સેસ અને ઈન્ડસ્ટ્રીનું નેટવર્ક પૂરૂ પાડીને એક સુદ્રઢ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટેની બંને સંગઠનોની સંયુક્ત કટિબદ્ધતાને દર્શાવે છે. આ સહભાગીદારી નવા સ્ટાર્ટઅપ્સની રચના કરવાનો માર્ગ મોકળો કરી આપે તેવી અપેક્ષા છે, જે રોજગારીનું સર્જન કરવામાં અને આર્થિક વિકાસ સાધવામાં યોગદાન આપશે. આ બંને સંગઠનો ગંભીર સામાજિક પડકારોને દૂર કરનારા ઉકેલોને પ્રોત્સાહન આપીને સામાજિક નવીનીકરણોને સમર્થન પૂરૂ પાડવા અને ભારતના સામાજિક-આર્થિક વિકાસને આગળ વધારવા માટે કટિબદ્ધ છે. આ પ્રસંગે વાત કરતાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ ઋષભ જૈનએ જણાયું હતું કે, 'આ સહયોગ ઉદ્યોગસાહસિકોની આગામી પેઢીને પ્રેરિત અને સશક્તિકરણ કરવાની અમારી વિકાસયાત્રામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (એનઆઈએફ)ની સાથે સહયોગ સાધીને અમે અમારા વિદ્યાર્થીઓ અને નવપ્રવર્તકોને સંસાધનો અને માર્ગદર્શન તો પૂરૂ પાડી જ રહ્યાં છીએ પરંતુ તેની સાથે-સાથે ભારતને નવીનીકરણ અને ઉદ્યોગસાહસિકતા માટેનું વૈશ્વિક હબ બનાવવાના વ્યાપક લક્ષ્યમાં પણ યોગદાન આપી રહ્યાં છીએ.' વધુ માહિતી માટે કૃપા કરીને ૯૧ ૯૭૨૬૦ ૯૮૩૯૮ ઉપર ડો.શશીકાંત ભગતનો સંપર્ક કરો.

# માર્કેટિંગ યાર્ડ જૂનાગઢ ખાતે સહકાર ભારતીનો ૪૫મો સ્થાપના દીન કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો





જૂનાગઢ, તા.૧૫

સમગ્ર ભારત વર્ષમાં સહકારી ક્ષેત્રે માર્ગદર્શીત કરતી બીન રાજકીય સંસ્થા એટલે સહકાર ભારતી. સહકાર ભારતી અખીલ ભારતીય જન સંગઠન છે. 'વિના સંસ્કાર નહિ સહકાર'એ સહકાર ભારતીનો બીજ મંત્ર છે. આવા સહકાર ભારતીના સ્થાપના દીને માર્કેટિંગ યાર્ડ જુનાગઢ ખાતે વિધ વિધ ક્ષેત્રના સહકારી મહાનુભાવોની હાજરીમાં સહકાર ભારતી મહાનગર જુનાગઢ અને કેશવ ક્રેડીટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સ્થાપના દીન કાર્યક્રમ ભવ્ય રીતે સંપન થયો.

માર્કેટિંગ યાર્ડ જૂનાગઢના વાઈસ ચેરમેન પ્રવિણભાઈ સોજીત્રાએ સહકાર ભારતીની પ્રવૃતિને ૧ બિરદાવતા જણાવેલ કે આ પધ્ધીથી સહકાર ક્ષેત્રેમાં કામ થાયતો ખરેખર વિકાસ થાય. મજેવડી દુધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ મહેશભાઈ રૂડાણીએ જણાવેલ કે અમારી દુધ મંડળીની પ્રગતીના પાયામાં પણ સહકાર ભારતીનુ માર્ગદર્શન અમોને મળ્યુ છે. એ.પી.એમ.સી. ના સેકરેટરી દિવ્યેશભાઈ ગજેરા એ પણ સહકારી સંસ્થાઓ કેમ આગળ વધે એ માટે સહકાર ભરતીનું માર્ગદર્શન આવકાર્ય છે. જુનાગઢ જીલ્લા સહકારી સંઘના એકઝીકયુટીવ ઓફીસર રાજયભાઈ ઠાકરે સહકારી પ્રવૃતિને વેગવાન બનાવવા માટે વિસ્તારથી સહકાર ક્ષેત્રે અને સહકાર ભારતીની પ્રવૃતિ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા.સહકાર ભારતી મહાનગર જુનાગઢના મંત્રી પિયુષભાઈ કુબાવતે જણાવેલ કે સહકારી ક્ષેત્રને વિકાસીલ બનાવો હશે તો સહકાર ભારતી નો વિચાર અને માર્ગદર્શન અપનાવવું પડશે.

સહકાર ભારતીના રાષ્ટ્રીય સંપર્ક પ્રમુખ અને કેશવ ક્રેડીટ સોસાયટીના સ્થાપક ચેરમેન તથા માર્ગદર્શક પ્રો.વિનોદભાઈ બરોચીયા સહકાર ભારતીના સ્થપના કાળથી લઈ આજ સુધી થયેલ સહકારી ક્ષેત્રના વિકાસ અંગે વિસ્તારથી છણાવટ કરેલ સહકાર ભારતી દ્વારા સહકારીતાની શુધ્ધિ, વૃધ્ધિ, સમૃધ્ધિ આવી રહી છે. સહકાર ભારતી એ સેવા અને સમર્પણની ભાવનાથી કામ કરતી સંસ્થા છે.સહકાર ભારતી એક સ્વયંસેવી સંગઠનના સ્વરૂપે દેશના ૨૭ રાજયોના ૬૦૦થી વધારે જીલ્લામાં કાર્યરત રહી ગરીબ નિર્ધન, દુર્બળ, વંચીત, અસંગઠીત, દલીત, શોશીત તથા આર્થિક રીતે નબળા લોકોના તથા રાષ્ટ્રનુ સર્વાંગી વિકાસ માત્ર સહકારી ક્ષેત્ર દ્વારા સંભવ છે. વિશેષ માં તેઓ શ્રી એ પોતાના સ્વાનુભાવ દ્વારા સહકારી ક્ષેત્રને કેમ વિકાસ થાયએ રીતે વિશિષ્ટ રીતે પોતાના મૌલિક વિચારો રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમ ની આભારવિધી કેશવ કેડીટ સોસાયટીના વાઈસ ચેરમેન અને સહકાર ભારતી મહાનગર જૂનાગઢના અધ્યક્ષ નરેન્દ્રભાઈ ભુતે કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન સહકાર ભારતીના વિભાગ સંયોજક અને કેશવ ક્રેડીટ સોસાયટીના સી.ઈ.ઓ. પી.એસ. ગજેરા કર્યુ હતું.

# ખંભાળિયામાં મકરસંક્રાંતિ નિમિત્તે બાળકોને પતંગ, દોર અને નાસ્તાનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫



મકરસંક્રાતિના પાવન પર્વના નિમિત્તે સોમવારે ખંભાળિયામાં ગોવિંદ તળાવ વિસ્તારમાં કેન્દ્ર ૨૪ અને ૧૯ ની આંગણવાડીમાં તમામ બાળકોને પતંગ, દોર, વેફર અને ચોકલેટ-બિસ્કીટ સહિતના નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયા શહેર ભાજપ અને અન્ય દાતાઓના સહયોગથી આ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, હસમુખભાઈ ધોળકિયા, આંગણવાડીના લક્ષ્મીબેન મકવાણા, રંજનબા અને આંગણવાડી વર્કર હેલ્પરો સાથે જોડાયા હતા.

# મેકિંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશના ડિરેક્ટર મયુર જાદવને કિસ્ટ મેડિકલ કોલેજ નેપાળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૫



ગુજરાતના વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે ખૂબ જ આનંદના સમાચાર મેકિંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશના ડિરેક્ટર મયુર જાદવને કિસ્ટ મેડિકલ કોલેજ નેપાળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. નેપાળમાં ૨૧ થી વધુ મેડિકલ યુનિવર્સિટીમાં ગુજરાતી વિદ્યાર્થીઓને સાચું અને સચોટ માર્ગદર્શન આપી તેમનું ડોક્ટર બનવાનૂ સ્વપ્ન મેકિંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશન પુરૂ કરી રહી છે. મેકિંગ ડોક્ટર્સ ઓર્ગેનાઈઝેશન છેલ્લા ૧૫ થી વધુ વર્ષોથી ગુજરાતના અલગ અલગ જિલ્લામાં દરેક વિદ્યાર્થીઓને એમના બજેટમાં મેડિકલ અભ્યાસ માટે માર્ગદર્શન પૂરું પાડી રહી છે.

વધુમાં નેપાળમાં આ વર્ષે વધુમાં વધુ વિદ્યાર્થીઓને હિન્દુ સંસ્કૃતિ તેમ જ આપણું ભારતીય શાકાહારી ભોજન મળી રહે તેમજ સાથે સાથે સ્વામી નારાયણ તથા જૈન ભોજન ની વ્યવસ્થા મળી રહે આ બધાની સાથે ખૂબ મહત્ત્વ ભારતની દ્વસ્ઝ માન્ય મેડિકલ એજ્યુકેશન પદ્ધતિ પમાણે એજ્યુકેશન મળી રહે આ બધી જ વસ્તુ ને ધ્યાનમાં રાખીને ભારતીય અને વિશેષ કરી અને ગુજરાતી વિદ્યાર્થીઓને નેપાળની અંદર એડમિશન અપાવી તેમને બધી જ સર્વિસ પુરી પાડી અને તેમને ડોક્ટર બનવાનું સ્વપ્ન મયુર જાદવ પોતે વિદ્યાર્થીઓને લઈને ત્યાં આગળ મૂકવા ગયેલ હતા. સાથે સાથે વિદ્યાર્થીઓની હોસ્ટેલ હોય કે જમવાનુ હોય કે પછી ત્યા આગળ હોસ્પિટલ માં જવા આવવાની વ્યવસ્થા આ બધૂ જાતે ધ્યાન રાખી અને વિદ્યાર્થીઓ ને સેટલ કરી વધુ માં મેકિંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશન ની લોકલ ઓફિસ કાંઠમંડુ ખાતે હોવાથી ત્યાંના સ્ટાફ દ્વારા તેમને સતત ધ્યાન રાખવાનૂ કામ પણ કરવામા આવે છે. તેમના અભ્યાસની અને એડમિન ના કામની વ્યવસ્થા ત્યાંથી લોકલ ઓફિસ દ્વારા થઈ જતી હોય છે.આવી રીતે મેકિંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશને ખૂબ જ સારી સર્વિસ અને વધુ માં વધુ વિદ્યાર્થીઓ મોકલવા બદલ કિસ્ટ મેડિકલ કોલેજ અને કાંઠમંડુ મેડિકલ યુનિવર્સિટી તેમજ ઝસ્ઝ મેડિકલ કોલેજ,લુમ્બની મેડિકલ કોલેજ , દેવદાહ મેડિકલ કોલેજ એ સારી કામગીરી બદલ મેકીંગ ડોક્ટર ઓર્ગેનાઈઝેશન સંસ્થાને સન્માનિત કરવામાં આવ્યા .

કિસ્ટ મેડિકલ કોલેજ દ્વારા સ્પેશ્યલિ 'એક્સેલેન્સ વર્ક ઈન મેડિકલ એજ્યુકેશન'થી પુરસ્કારીત કરવા મા આવી.વિદેશની ૧૦થી વધુ કન્ટ્રીમાં ૩૦ થી વધુ મેડિકલ કોલેજ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના અને દર વર્ષે આવા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને એડમિશન અપાવી એમનું ડોક્ટર બનવાનું સ્વપ્ન પૂરૂ કરી રહી છે. નેપાળમાં આ વખતે પહેલીવાર કોઈ ગુજરાતી ને આવું સન્માન મળ્યું છે. તો આપણા બધા માટે ગૌરવની વાત છે.

# ગિર સોમનાથ જીલ્લાના નાવદ્રા ગામે જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

## આસ્થા સ્કૂલ ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રને ભારે સફળતા : અંધશ્રદ્ધાની જનની અજ્ઞાનતાને દેશવટો આપીએ : જયંત પંડયા

અમદાવાદ, તા.૧૫



ગિર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના નાવદ્રા ગામમાં આસ્થા સ્કૂલ ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમને ભારે સફળતા સાથે સંપન્ન થયો હતો. અંધશ્રદ્ધા સામેનો કાયદો બનાવવાથી સમાજમાં પરિવર્તન આવતું નથી તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અંધશ્રદ્ધાની જનની અજ્ઞાનતાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. જાથાનો ૧૦૦૫૨માં કાર્યક્રમમાં પ્રભાસપાટણ પોલીસ સ્ટેશને વિશેષ બંદોબસ્ત ફાળવ્યો હતો.

વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટનમાં ટ્રસ્ટના ટ્રસ્ટી રમેશભાઈ વાજા, આગેવાનોમાં કરશનભાઈ બારડ, રમેશભાઈ કેશવાળા, દેવેન્દ્રભાઈ સોલંકી, જયસુખભાઈ વાજા, બી. સી. સોલંકી, અરવિંદભાઈ, ભારતીબેન પરમાર, પ્રિન્સિપાલ રાહુલભાઈ ડોડિયા, જશીબેન મેર, વિવેકભાઈ વાજાની હાજરીમાં કરવામાં આવ્યું હતું. શિક્ષણકાર રમેશભાઈ વાજાએ સ્કૂલની પ્રવૃત્તિનો ચિતાર આપી છાત્ર-છાત્રાઓમાં વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ આવે તેવા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પંથકમાં અંધશ્રદ્ધા ફાલેલી છે તેને જડમૂળથી દૂર કરવા જાથાના સહકારની માંગણી કરવામાં આવી હતી. આજની જનમેદની જાથાની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલી, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે અંધશ્રદ્ધા સામેનો કાયદો બનાવાથી સમાજમાં પરિવર્તન આવતું નથી. તેનું સચોટ અમલીકરણ સાથે ગુન્હા સંબંધી કડક સજા સમયસર થાય તે જરૂરી છે. પ્રત્યેક નાગરિકને કાયદાની સમજ જરૂરી છે. પોલીસ સ્ટેશનની સજાગતા જરૂરી છે. ભારત અંધશ્રદ્ધાથી ભરેલો દેશ છે. લોકોની વિચારધારા અને માન્યતાઓ અત્યંત રૂઢ થઈ ગયેલ છે તેની સામે વિજ્ઞાન અભિગમ દ્રષ્ટિકોણનો પ્રચાર પુરજોશમાં હોવો જોઈએ. આપણે તટસ્થ દ્રષ્ટિ, નિખાલસ મન, સક્રિય ચકાસણી અને નિરીક્ષણ કરવાનું વલણ તર્કશક્તિ, સાબિતીની માંગ, કાર્યકારણ સંબંધની તપાસ અને સકારાત્મક વિચારશક્તિને વ્યવહારમાં અપનાવીએ અને સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા નાબુદ કરવાનો સંકલ્પ જ અસરકારક સાબિત થશે. જેમાં સરકાર તેમજ લોકઅભિગમ ફાળો મહત્વનો છે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે કુરિવાજોના મૂળમાં અંધશ્રદ્ધા છે. વિવિધ અંધશ્રદ્ધાઓના પરિણામે જ સમાજમાં પરંપરા, માન્યતાઓ, પૂર્વગ્રહો નામે કે અન્ય રીતે વિવિધ કુરિવાજોનો જન્મ થયો છે. ભારતમાં અતિ ગરીબાઈ, અસમાનતા, જાતિવાદ, પ્રાંતવાદ, કોમવાદ, વસ્તી વિસ્ફોટ સાથે રાજય-કેન્દ્ર સરકારનું અવૈજ્ઞાનિક વલણથી અંધશ્રદ્ધાએ વિકરાળ રૂપ ધારણ કર્યું છે તેને જલ્દી નાથવાની જરૂર છે. રાજકીય નેતાઓએ મતના રાજકારણને તિલાંજલિ આપી દેશના નાગરિકોના અધિકારો, શિક્ષણ, આરોગ્યની ચિંતા કરવાની જરૂર છે. દેશની વસ્તીના અમુક લોકોને બે ટંક જમવાનું મળતું નથી, બેરોજગારી, મોંઘવારી, ચરમસીમાએ છે. જાથા વર્ષોથી લોકોની ચિંતામાં ભાગીદાર થઈ તેને દૂર કરવા પ્રયત્નો કરી રહ્યું છે. રાજય સરકાર, અધિકારીઓ જાથાને મદદ કરે છે તે સારી વાત છે. યુનિવર્સિટીની કામગીરી વિદ્યાર્થીઓની સફળતા પ્રાપ્તિ માટે વ્યક્તિગત ક્ષમતા—ચરિત્ર ઉપર ભાર મુકવો જોઈએ તેને બદલે ધર્માનુરાગ વલણ ખતરનાક સાબિત થવાનું છે તેનાથી બૌધ્ધિકો ચિંતિત છે.

વિશેષમાં એડવોકેટ પંડયાએ દેશમાં વ્યસન, કુરિવાજ પછીનું સૌથી મોટું દૂષણ અંધશ્રદ્ધાનું છે તેને દૂર કરવાથી જ માનવ સમાજની પ્રગતિ છે. ગરીબાઈના કારણે અનેક પ્રકારની અંધશ્રદ્ધા પ્રવર્તતે છે તેને બધા સાથે મળીને દૂર કરવાનો અવસર છે. વિજ્ઞાનીઓ બ્રહ્માંડમાંથી અવનવા ગ્રહો શોધે છે ત્યારે ભારતમાં લેભાગુઓ કુંડળીમાં ફીટ કરી ફળકથનો કરી, શારીરિક, માનસિક, આર્થિક શોષણ કરે છે તેથી ખગોળ વિજ્ઞાનનો પ્રચાર અતિ જરૂરી છે. લોકોમાં અવકાશી જ્ઞાન નહિંવત છે તેનો લાભ લેવામાં આવે છે. જાથા સતત મહેનત કરી કામ કરે છે તેમાં અડચણોનો સામનો કરે છે. ધાર્મિક નેતાઓએ દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી તેથી જાગવાની જરૂર છે. ધાર્મિક સ્થાનોએ વેપાર-ઉદ્યોગનું સ્થાન લીધું છે તેમાં લોકો જ દોષિત છે તેવું જાથા માને છે. અંધશ્રદ્ધાનો વેપાર અટકાવવાનું કામ જનસમાજનું છે. ટૂંક સમયમાં જાથા દક્ષિણ ગુજરાતમાં જિલ્લા-તાલુકા મથકે ઝુંબેશ આદરવાનું નક્કી કર્યું છે.

# ડાયાબિટીઝના દર્દીઓ માટે જીવલેણ સાબિત થતી અવસ્થા :ડાયાબેટિક કીટોએસિડોસિસ

ટાઈપ-૧ ડાયાબિટીઝ એ એક પ્રકારનો ડાયાબિટીઝ છે જે લગભગ નાની ઉંમરથી જ વ્યક્તિમાં જોવા મળે છે. માટે જ બાળકોમાં જે પ્રકારનો ડાયાબિટીઝ હોય છે એ ટાઈપ-૧ પ્રકારનો ડાયાબિટીઝ જ મોટાભાગે હોય છે. એ એક જિનેટીક રોગ છે અને આવા દર્દીઓએ સતત ઈન્સ્યુલીનના ઈન્જેકશન લઈને પોતાના શરીરની સુગરને જાળવી રાખવી પડતી હોય છે. જયાં સુધી આ દર્દીઓ જીવે ત્યાં સુધી ઈન્સ્યુલીનના ઈન્જેકશન ચાલુ રાખવા જરૂરી છે. ટાઈપ-૧ ડાયાબિટીઝના દર્દીઓમાં બે કન્ડીશન ઘણી ગંભીર માનવામાં આવે છે. એક તો હાઈપોગ્યાલસેમિયા જેમાં દર્દીની સુગર ખુબ જ ઓછી થઈ જવાને કારણે દર્દી કોમામાં જઈ શકે છે અને તેનું મૃત્યુ થઈ શકે છે અને બીજી કન્ડીશન છે ડાયાબેટિક કીટોએસિડોસિસ. આ પણ એવી જ કન્ડીશન છે જેમાં ડાયાબિટીઝનો દર્દી કોમામાં જઈ શકે છે અથવા તેનું મૃત્યુ થઈ શકે છે. આ કન્ડીશન શું છે એ વિષે વિષે સમજીએ.

### કીટોન્સ

જયારે શરીરમાં કોષોને એનર્જી માટે જરૂરી એવું ગ્લુકોઝ મળે ત્યારે શરીર એનર્જી મેળવવા માટે ફેટને બાળવા માંડે છે. એ પ્રોસેસમાં કીટોન્સ ઉત્પન્ન થાય છે. કીટોન્સ એક પ્રકારના કેમિકલ્સ છે જે શરીરમાં જ ઉત્પન્ન થાય છે અને ખાસ કરીને જયારે શરીર પાસે પૂરતી માત્રામાં ઈન્સ્યુલીન ન હોય. એ ગ્લુકોઝને બાળીને એનર્જી આપી શકે ત્યારે શરીરને પોતાનો સામાન્ય ઉર્જાસ્રોત મળતો નથી. અને એ ફેટને બાળે છે અને તેને કારણે કીટોન્સ લોહીમાં જન્મે છે. એનું પ્રમાણ વધતાં એ લોહીને વધુ એસિડિક બનાવે છે. એ એક ચેતવણીરૂપ ચિન્હ છે કે તમારૂં ડાયાબિટીઝ કન્ટ્રોલની બહાર જઈ રહ્યું છે અથવા તો તમે બિમાર પડવાના છો. કીટોન્સ વિષે સમજાવતાં ડાયાબેટોલોજીસ્ટ ડોકટર કહે છે, શરીરમાં કીટોન્સનું લેવલ શરીરમાં વધે તો એ શરીરમાં ઝેરનું કામ કરે છે. જયારે આ કીટોન્સનું લેવલ ખુબ વધી જાય ત્યારે વ્યક્તિ ડાયાબેટિક કીટોએસિડોસિસનો ભોગ બને છે. ડાયાબિટીઝના કોઈપણ દર્દીમાં આ રોગ જોવા મળી શકે છે. પરંતુ ટાઈપ-૨ ડાયાબિટીઝના દર્દીમાં આ રોગ ખુબ ઓછો જોવા મળે છે. મોટા ભાગે એ ટાઈપ-૧ ડાયાબિટીઝના દર્દીઓમાં જ જોવા મળતો રોગ છે.

### લક્ષણો

શરીરમાં કીટોન્સ વધ્યો છે કે વ્યક્તિના શરીરમાં ડાયાબેટિક કીટોએસિડોસિસ થઈ રહ્યું છે એ ખબર કેમ પડે ? તેના જવાબમાં ડોકટર કહે છે કે શરીરમાં ડાયાબેટિક કીટોએસિડોસિસ ધીમે ધીમે ડેવલપ થાય છે. પરંતુ મહત્વનું છે કે એના પ્રારંભિક લક્ષણોમાં ખુબ તરસ લાગે, ગળામાં શોષ પડે, વારંવાર યુરિન પાસ કરવા જવું પડે. એ સમયે સુગર ચેક કરો તો શરીરમાં ગ્લુકોઝ લેવલ ખુબ જ વધી ગયું હોય અને યુરિન રિપોર્ટ કઢાવો તો ખબર પડે કે યુરિનમાં કીટોન્સની માત્રા ખુબ વધી ગઈ છ. જો એ સમયે વ્યક્તિએ ટેસ્ટ કરીને જાણ્યુ ન હોય કે કીટોન્સ વધી રહ્યા છે તો આગળના લક્ષણોમાં સતત થાક લાગે, ઉબકા, ઉલટી, પેટમાં દુ:ખાવો, શ્વાસ લેવામાં તકલીફ કન્ફયુઝન લાગે, કોઈ જગ્યાએ ધ્યાન આપી ન શકાય જેવા લક્ષણો જોવા મળે. આ ખુબ જ સાધારણ લક્ષણો છે, પરંતુ એક ડાયાબિટીઝના દર્દી માટે આ લક્ષણો સાધારણ બિલકુલ નથી. ડાયાબેટિક કીટોએસિડોસીસ એક જીવલેણ કન્ડીશન છે. માટે આ પ્રકારના કોઈ પણ ચિન્હ દર્દીને લાગે તો તાત્કાલિક હોસ્પિટલ ભાગવું જોઈએ.

### ટેસ્ટ

એક સાધારણ યુરિન ટેસ્ટ દ્વારા ખબર પડી શકે છે કે ડાયાબિટીઝના દર્દીના શરીરમાં કીટોન્સનું પ્રમાણ વધી ગયું છે. અમેરિકન ડાયાબિટીઝ એસોસિએશનની ગાઈડલાઈન્સ મુજબ ૨૪૦ મીલીગ્રામ/ડેસીલીટરથી વધુ સુગર આવે તો ડાયાબિટીઝના દર્દીએ કીટોન્સ માટેની યુરીન ટેસ્ટ કરાવવી જ જોઈએ. એમાં પણ જો આટલી સુગર સાથે ડાયાબિટીઝનો દર્દી બિમાર હોય, શરદી કે તાવ આવ્યો હોય તો કીટોન્સની ટેસ્ટ દર ૪-૬ કલાકે કરાવવી જોઈએ. આ રોગમાં ઈમરજન્સી વિષે સમજાવતાં ડોકટર કહે છે, જયારે યુરિન ટેસ્ટમાં કીટોન્સ વધારે આવે ત્યારે અથવા તેની સાથે સાથે ગ્લુકોઝ લેવલ પણ વધારે આવે ત્યારે તાત્કાલિક હોસ્પિટલ ભાગવું જરૂરી છે. આમાં પણ સૌથી ખતરનાક એ કન્ડીશન છે જેમાં કીટોન્સ અને ગ્લુકોઝ બન્ને વધી ગયા હોય અને સાથે દર્દીને ઉલટી થવા લાગી હોય. જો ચાર કલાકમાં બે વાર ઉલટી ગઈ હોય તો તાત્કાલીક હોસ્પિટલ ભાગવું જરૂરી છે. આ દરેક ચિન્હનો અર્થ એ જ થાય કે દર્દીનો ડાયાબિટીઝ કન્ટ્રોલમાં રહ્યો નથી અને હોસ્પિટલમાં દાખલ થવું જ પડે . જો કે દુનિયાની બેસ્ટ હોસ્પિટલમાં દર્દી પહોંચે ત્યારે પણ આ કન્ડીશનમાં એ દર્દીની જિંદગી બચાવવી ખુબ મુશ્કેલ હોય છે.

### કારણો અને બચાવ

જયારે શરીરમાં ઈન્સ્યુલીન ઓછું હોય ત્યારે ડાયાબેટિક કીટોએસિડોસિસની કન્ડીશન આવે છે. ટાઈપ-૧ ડાયાબિટીઝના દર્દી જયારે પુરતી માત્રામાં ઈન્સ્યુલીનના ઈન્જેકશન લેતા ન હોય ત્યારે આવું થઈ શકે છે. અથવા દર્દી જેટલું ઈન્સ્યુલીન લે છે એ તેને ઓછું પડતું હોય. કારણ કે તે બિમાર છે અને તેને ઈન્સ્યુલીનની વધુ માત્રામાં જરૂર છે. જયારે વ્યક્તિ બિમાર હોય છે ત્યારે તેને કંઈ પણ ખાવાની ઈચ્છા થતી નથી.

ખોરાક ન લેવાને લીધે પણ શીરીરમાં કીટોન્સ વધે છે. ડાયાબિટીઝના દર્દી એક ટંક પણ જમવાનું મિસ કરે તો તેના શરીરમાંકીટોન્સનું લેવલ વધી જઈ શકે છે. ઘણી વખત એવું પણ બને છે કે ઈન્સ્યુલીનનું રીએકશન આવે એને કારણે શરીરમાં કીટોન્સ વધી ગયાં હોય. આ દર્દીએ કયારેય કોઈ પણ પ્રકારની ગફલતમાં રહેવું નહીં. ઈન્સ્યુલીન બરાબર લેવું. બધી જ પ્રકારના ઈન્ફેકશનથી બચવું અને જમવાનું કયારેય છોડવું નહીં. બિમારીમાં પણ સમયસર અને યોગ્ય પ્રમાણમાં ખાવું અત્યંત જરૂરી છે.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા

# મરમઠ ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

## ફળદ્રુપતાનો જે નિયમ જંગલમાં લાગુ પડે, તે ખેતરમાં પણ લાગુ પડે તેનું નામ પ્રાકૃતિક ખેતી : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી








જૂનાગઢ, તા.૧૫ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. જેમાં ખેડૂતોને સંબોધતાં રાજયપાલશ્રીએ કહ્યું કે, જંગલમાં ફળદ્રુપતાનો જે નિયમ લાગુ પડે છે એ જ નિયમ ખેતીમાં લાગુ પડે તેનું નામ પ્રાકૃતિક ખેતી. રાજયપાલશ્રીએ ઉમેર્યું કે જમીનને બંજર બનતા અને લોકોને વિવિધ જીવલેણ રોગથી બચાવવા માટે કોઈ ઉપાય હોય તો તે પ્રાકૃતિક ખેતી છે.

જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતોને વિવિધ ઉદાહરણ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે સમજ આપી હતી.

રાજ્યપાલે રાસાયણિક ખેતી માનવજીવન અને પર્યાવરણને કઈ રીતે નુકસાન કરે છે તે વિવિધ દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યું હતું અને જૈવિક ખેતી અને પાકૃતિક ખેતી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો હતો. જૈવિક ખેતીથી ઉત્પાદન ઘટી શકે પણ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટતું નથી અને ઉત્પાદન ખર્ચ પણ ઘટે છે તેની વિગતવાર સમજણ આપી હતી. જૈવિક ખેતીમાં ખૂબ વધારે ગોબર જોઈએ છે. ગોબર નાખવાથી ઉત્પન્ન થતો મિથેન ગેસ એ પર્યાવરણને નુકસાન કરતા કાર્બન ડાયોક્સાઈડ કરતા વધારે નુકસાનકારક છે. માત્ર એક ગાય હોય તો પણ પ્રાકૃતિક ખેતી આસાનીથી થાય છે તેની પણ સમજણ આપી હતી.

વધુમાં રાજ્યપાલે રસાયણોના આડેધડ ઉપયોગને લીધે જમીન બંજર બની જાય છે અને જમીનનું નીચેનું પડ સખત બને છે જેનાં પરિણામે સામાન્ય વરસાદના સમયમાં પાણીનો ખેતરોમાં ભરાવો થાય છે તેની સમજણ આપી હતી.

દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાથી ખેડૂતોના મિત્ર કીટકો જમીન માટે જરૂરી પોષક તત્વોની પૂર્તિ કરે છે અને અળસિયા સહિતના જીવાણુઓ જમીનને પોચી કરવાનું કાર્ય કરે છે જેના લીધે ચોમાસામાં વરસાદનું પાણી જમીનમાં શોષાઈ જાય છે. અળસિયા પ્રકૃતિની દેન છે અને ખેડૂતો માટે ખૂબ ઉપયોગી છે. રાત દિવસ કામ કરે છે જે ગાયના ગોબરથી અને પ્રાકૃતિક ખેતીથી પોષણ મેળવે છે. રાજ્યપાલે હરિયાણામાં તેમની વિશાળ પ્રાકૃતિક ખેતીની જમીનના વિડીયો સાથેના દ્રષ્ટાંતો આપી ખેડૂતોને વિગતવાર સમજણ આપી હતી.

રાજ્યપાલે જણાવ્યું કે, ખેડૂતભાઈઓની ગ્રંથી હોય છે કે, વધુ રાસાયણિક ખાતર વાપરવાથી વધુ ઉત્પાદન મળે છે પરંતુ હકીકતમાં તેનાથી તદ્દન વિપરિત થઈ રહ્યું છે. જો ખેડૂતો ઈમાનદારીપૂર્વક પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોનો વ્યવસ્થિત રીતે અમલ કરે તો તેનું પરિણામ ચોક્કસ મળશે. આગામી સમયમાં સારા-સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ આધારિત ખેતી અપનાવી, ખર્ચ ઘટાડવા સાથે ઉત્પાદકતા વધે તે માટે ગૌ આધારિત ખેતી કરવા માટે સૌ કટિબદ્ધ થઈએ તે માટે અનુરોધ કર્યો હતો. ખેડૂતોએ પણ પ્રાકૃતિક ખેતી કરવા સંકલ્પ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ જુનાગઢ કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયા - જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્લેટફોર્મ મળે તે માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા.રાજ્યપાલે મકરસંક્રાતિના પવિત્ર તહેવારની સૌને શુભકામના પાઠવી હતી. પતંગોત્સવ ઉજવી રહેલા મરમઠ ગામનાં બાળકોને મળી શુભકામના પાઠવી હતી. ડિજિટલ સુરક્ષા ક્ષેત્રે જાગૃતિ આવે તે માટે ડિજિટલ સુરક્ષાનો લોગો વાળી પતંગ ચગાવી અને ડિજિટલ સુરક્ષા નો સંદેશો આપ્યો હતો. આ વેળાએ કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા અને ઈન્ચાર્જ એસપી શ્રી ભગીરસિંહ જાડેજા પણ સહભાગી થયા હતા.

આત્મા ડાયરેક્ટર શ્રી દિપક રાઠોડે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, જિલ્લામાં ૨૧ હજાર ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે અને ૮૧૦૦ જેટલા ગૌ લાભાર્થીઓ છે વધુમાં તેમને જિલ્લામાં ૯૮ ક્લસ્ટર અને ૧૯૮ મોડેલ ફાર્મ આવેલા છે અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના વેચાણ માટે પ્રાકૃતિક કૃષિ હાટ સહિતની વ્યવસ્થાઓ અને જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની કામગીરીની માહિતી આપી હતી.ખેડૂતોને કૃષિ મહાવિધાલયનાં આચાર્ય શ્રી પી. ડી. કુમાવત અને માસ્ટર ટ્રેનર નારણભાઈ વાળા દ્વારા ખેડૂતોને પાંચ આયામો અને પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિના વિવિધ ઉત્પાદનોના સ્ટોલ્સનું નિરીક્ષણ કરી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.જૂનાગઢ વહીવટી તંત્ર દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં માણાવદરનાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, કેશોદનાં ધારાસભ્ય દેવાભાઈ માલમ, માણાવદર તાલુકા પંચાયત પ્રમુખ રમાબેન ઝાલાવાડીયા, જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવાસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ભગીરથ સિંહ જાડેજા, મરમઠ ગામનાં સરપંચ પરબતભાઈ વરૂ સહિત અધિકારીઓ અને ખેડુતો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## જૂનાગઢ શહેરમાં વિશ્વ શાંતિના સંદેશા સાથે હજરત અલીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરાઈ





જૂનાગઢ તા.૧૫ ઈસ્લામ ધર્મના પયગંબર હજરત મહંમદ સાહેબના વારીસ અને પહેલા ઈમામ હજરત અલીના જન્મદિવસ નિમિતે ગઈકાલે જૂનાગઢ સહિત સમગ્ર દેશમાં અને વિશ્વમાં ઉજવણી કરવામાં આવી હતી. હજરત અલી ઈસ્લામનું એક એવું વ્યક્તિત્વ છે જેમના નામે અનેક વિશેષતાઓ નોંધાયેલ છે. વિશ્વના મહાન ફીલોસોફર, અનેક કિતાબોના લેખક, સાયન્ટીસ્ટ અને સૌથી વધુ સમગ્ર માનવજાતનું ભલુ ઈચ્છનાર વ્યક્તિ તરીકે તેમની ગણના થાય છે. હજરત અલીએ લખેલા પુસ્તકો આજે પણ વિશ્વની ટોચની યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સામેલ છે. હજરત અલીનો જન્મ આજથી ૧૪૭૫ વર્ષ પહેલા મુસ્લીમોના પવિત્ર શહેર મક્કા સ્થિત ખાને કાબામાં થયો હતો. ખાને કાબામાં જન્મ થયો હોય તેવી તેઓ એકમાત્ર હસ્તી છે.

આ મહાન પુરૂષના જન્મદિનની ગઈકાલે જૂનાગઢમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે પ્રતિકાત્મક ઝુલુશોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હુશેની ચોક ભાટીયા ધર્મશાળા રોડ અને ગોરી પીર ખાતે ઝુલુશ નીકળ્યા હતા. આ ઝુલુશ આયોજનમાં ઈમરાનબાપુ કાજી, હુશેનભાઈ માલવીયા, એસ.આઈ. બુખારી, મુખતારબાપુ કાદરી, પરવેઝબાપુ કાદરી, શફદરહુશેન સૈયદ, અકીબબાપુ બુખારી, મુઝફર માલવીયા, કાસમબાપુ, શોકતબાપુ બુખારી વગેરે અકીદતમંદોએ વ્યવસ્થા સંભાળી હતી. હજરત અલીના સમગ્ર માનવજાતના વિશ્વ કલ્યાણના શાંતિના સંદેશા સાથે ઝુલુશમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ એસટી જીવદયા ગ્રુપ દ્વારા પશુ-પક્ષીઓ માટે દાનની અપીલ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫ જૂનાગઢ એસટી જીવદયા ગ્રુપ દ્વારા જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે પશુ પક્ષી માટે કાર્યક્રમ રાખવા આવ્યો હતો અને બસ સ્ટેન્ડ ખાતે આવતા જતા મુસાફરોએ ફુલ નહીં તો ફુલની પાંખડી દાન કરવામાં સહભાગી બન્યા હતા.




આ કાર્યક્રમમાં ત્રણેય યુનિયનનાં હોદ્દોદારો તેમજ અધિકારીઓ એ હાજરી આપી હતી અને મોટી સંખ્યામાં જૂનાગઢ એસટીનાં ડ્રાઈવર કંડકટર અને ઓફિસ વર્ગ કર્મચારી જોડાયા હતા અને આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે એસટી જીવદયા ગ્રુપ જૂનાગઢ ડેપોએ જેહમત ઉઠાવી હતી.

## ટિમ ગબ્બરની રજૂઆતનો પડઘો : વિસાવદર વિજ કંપનીમાં ખાલી પડેલ જુનિયર ઈજનેરની જગ્યાએ નિમણુંક

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૫ ટીમ ગબ્બર ગુજરાતના કે એચ ગજેરા અનેવિસાવદરના નયનભાઈ જોષી એડવોકેટ દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર-રાજકોટ, મુખ્ય મંત્રી શ્રી,વિરોધ પક્ષના નેતા વિગેરેને તા.૧૧/૦૧/૨૫ના રોજ લેખિત રજુઆત કરી જણાવેલ છે કે પી.જી. વી.સી.એલ કંપનીના વિસાવદર સબ ડિવિઝન નંબર (૨) નીચે અનેક ગામડાઓ તથા મોટા વિસ્તારો આવતા હોય આ સબ ડિવિઝનમાં છેલ્લા ઘણા સમયથી જુનિયર ઈજનેરની જગ્યા ભરવામાં આવેલ નથી એક જ અધિકારી દ્વારા ગાડુ ગબડાવાતું હોય અને અવારનવાર ફોલ્ટ,ટીસીના પ્રશ્નો ઉભા થતા હોય પ્રજાને તથા ખેતીવાડીના ગ્રાહકોને મુશ્કેલીઓ પડતી હોય આ તાલુકામાં અવાર નવાર રજુઆત કરવા છતાં પણ આ જગ્યા ખાલી રાખવામાં આવેલ હોય આ જગ્યા ઉપર તાત્કાલીક અસરથી જુનિયર ઈજનેરની નિમણૂક કરવા માંગણી સહ રજુવાત કરેલી હતી તે રજુઆતના પગલે માત્ર બે જ દિવસમાં પી.જી.વી.સી.એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૨)માં નવા જુનિયર ઈજનેરની નિમણુંકનો ઓર્ડર રાજકોટ કોર્પોરેટ ઓફીસ દ્વારા કરાતા ટિમ ગબ્બર ગુજરાત વતી ચીફ ઈજનેરશ્રીનો આભાર વ્યકત કરવામાં આવેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા પી.આઈના હસ્તે અનાજની કીટનું વિતરણ




(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૫ વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા વિસાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર રીંકેશ પટેલની હાજરીમાં ગરીબ પરિવારને કીટનું વિતરણ કરવામાં આવેલ હતું જેમાં વિસાવદરના અતી હનુમાન પરા મુનિ આશ્રમ રોડ ઉપર અતિવૃદ્ધ અને નિરાધાર પરિવારના લોકોને ગણપતિ ઉત્સવ સમિતિ ને જુદા જુદા દાતાઓ તરફથી આપવામાં આવેલ રાશન કીટ તથા લાડવા તથા અન્ય ચીજ વસ્તુઓ એકત્રિત કરી મકરસંક્રાંતિના પાવનપર્વ નિમિત્તે ગણપતિ ઉત્સવ સમિતિ અને વિસાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર રીંકેશ પટેલ સાહેબ તથા રોહિત સાહેબ તથા અન્ય પોલીસ કર્મચારી તથા વિસાવદરના પત્રકાર સી વી જોશી તથા ગણપતિ ઉત્સવ સમિતિના પ્રમુખ સુરેશભાઈ સાદરાણી તથા ધર્મેશભાઈ વિરાણી અને વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા આજરોજ કીટનું વિતરણ કરવામાં આવેલ હતું આ પ્રસંગે પીઆઈ રીંકેશ પટેલ દ્વારા દરેક જરૂરિયાત મંદોને રૂપિયા બસ્સો બસ્સોની રોકડમાં સહાય આપવામાં આવેલ હતી

## જાહેર વિજ્ઞપ્તી

The Gujarat Government Gazette, Vol LXIL, May-22, 2021 ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૨૦૨૧ અને "ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ-૨૦૨૨ તથા માનનીય ઉપ સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્ર ગકઅ/૧૦૨૦૨૧/૧૩૧૪/અ.તા.૦૬/૦૩/૨૦૨૩ અન્વયે માન. કલેકટરશ્રી,જુનાગઢ દ્વારા "District Registering Authority"ની રચના કરવામાં આવેલ છે. જે અન્વયે જુનાગઢ જીલ્લાની તમામ સરકારી તેમજ ખાનગી, એલોપેથી, આયુર્વેદ, હોમીયોપેથી, ઉનાની, સીધા, નેચરોપેથી, યોગા જેવી હોસ્પિટલો/સંસ્થાઓને આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન (નોંધણી) કરવું અનિવાર્ય છે. આ એક્ટ અન્વયે જીલ્લાના સિવિલ સર્જન દ્વારા ચિકિત્સા સંસ્થા હોસ્પિટલ માટેની કાર્યવાહી કરવાની થાય છે. તો આ અંગે ઓનલાઇન https://clinicalestablishment.gipl.in/ પર જરૂરી ફી ભરી રજીસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે. અને આ એક્ટ અન્વયે રજીસ્ટ્રેશન કરવાની અંતીમ તા.૧૨/૦૩/૨૦૨૫ છે. વધુ વિગત માટે અત્રેની કચેરીમાં રૂમનં.૪૨માં એ.એચ.એ.ઓફિસનો રૂબરૂ સંપર્ક કરવો.

ડો.પી.એચ.લાખણોત્રા
મુખ્ય જીલ્લા તબીબી અધિકારી
સહ સિવિલ સર્જન જુનાગઢ

માહિતી/જૂના/૮૧૩/૨૦૨૫

## જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ

પંકજ બંગલો, પ્રથમ માળ, સોરઠ ભવન સામે,રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧
ફોન: ૦૨૮૫-૨૬૫૦૦૨૦, Email: judajunagadh@yahoo.in

### અધિસુચના

જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા),જુનાગઢ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ મુજબ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે; ઝાંઝરડાની મુસદારૂપ નગર રચના યોજના નં.૭(ઝાંઝરડા)નો ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદારૂપ નગર રચના યોજના નં. ૭(ઝાંઝરડા) ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ, ૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે; ઝાંઝરડામાં નીચે જણાવ્યા મુજબ ચર્તુ:સીમામાં સમાવેશ થતા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૭/૦૧/૨૦૨૫ની ૩૭(સાડત્રીસ)મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક: ૨૨૪ થી કરેલ છે.

ઠરાવ : મુસદારૂપ નગર રચના યોજના નં. ૭(ઝાંઝરડા) નો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોઈ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુસદારૂપ નગર રચના યોજના નં.૭(ઝાંઝરડા) નો ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની તમામ આગળની આનુસાંગીક કાર્યવાહી કરવાની સતા માન.મુખ્ય કારોબારી અધિકારી/માન.ચેરમેનશ્રીને સુપ્રત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

સદરહુ અધિનિયમની કલમ ૪૧(૨) ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા),જુનાગઢ કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદારૂપ નગર રચના યોજના નં.૭ (ઝાંઝરડા) ના વિસ્તારની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પુર્વે :- મોજે: ઝાંઝરડા ગામના સર્વે નં. ૫૧/૨, ૫૧/૩, ૫૦, ૪૯, મોજે: જોષીપરા ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

પશ્ચિમે:- મોજે: ઝાંઝરડા ગામના સર્વે નં. ૬૫/૧, ૬૬, ૬૭, ૬૮, ૭૭, ૭૯, મોજે: ખલીલપુર અને ઉમટવાડા ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

ઉતરે:- મોજે ઝાંઝરડા ગામના સર્વે નં. ૬૫/૧, ૬૫/૨, ૬૩, ૬૨/૧, ૧૨/૨/અ, ૬૨/૨/બ, ૬૧, ૬૦/૧, ૫૨/૨, ૫૨/૧, ૫૧/૧, ૫૧/૨, મોજે : ઉમટવાડા, ખલીલપુર અને જોષીપરા ગામની હદ.

દક્ષિણે:- મોજે : ઝાંઝરડા ગામના સર્વે નં. ૭૯, ૭૮, ૭૬, ૭૨/૧, ૭૨/૨/૧, ૭૨/૨/૨, ૭૨/૨/3, ૫૭, ૫૬, ૫૫, ૪૯, મોજે : ઉમટવાડા, જોષીપરા ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

ક્રમાંક : જુડા/મુ.ન.૨.યો.નં.૭(ઝાંઝરડા)/ઈરાદો/અધિસુચન/૨૦૨૫/ ૯૯૭
તા.૮ /૦૧/૨૦૨૫

મુખ્ય કારોબારી અધિકારી
જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ
જુનાગઢ

સરનામું: જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ, પંકજ બંગલો, પ્રથમ માળ, સોરઠ ભવન સામે, રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧

માહિતી/જૂના/૮૧૫/૨૦૨૫

## વિસાવદર તાલુકાના ભલગામ સેવા સહકારી મંડળીનુ સેવા કાર્ય



(રેનીશ મહેતા દ્વારા)

ભેંસાણ તા.૧૫ : વિસાવદર તાલુકાના ભલગામના ખેડૂત કરશનભાઈ વાઘજીભાઈ ગજેરા નું આકસ્મિક અવસાન થતા તેમના વારસદાર મનીષભાઈ ગજેરા ને ભલગામ સેવા સહકારી મંડળી દ્વારા સહાયરૂપે રૂપિયા ૫૦,૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો આ તકે મંડળીના પ્રમુખ રમેશભાઈ કોટડીયા અને મંત્રી તેમજ વ્યવસ્થાપક કમિટી ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ અભિગમ મંડળી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે.

### અવસાન નોંધ

સ્વ.પ્રવિણભાઈ વલ્લભદાસ કાનાબારના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મળાબેન પ્રવીણભાઈ કાનાબાર(ઉ.વ.૮૫)તે ઘનશ્યામભાઈ, જયેશભાઈ, ધર્મેન્દ્રભાઈ, રોહીતભાઈ (એડપોઈન્ટ), ભાવેશભાઈ, ગૌરવભાઈ, આરતીબેન રાકેશભાઈ રાજપોપટ(બેંગ્લોર), પન્નાબેન પ્રશાંતભાઈ શિંગાળાનાં માતૃશ્રી તથા ગીરધરલાલ પ્રેમજીભાઈ ભીંડાનાં પુત્રી તા.૧૨-૧-૨૫ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૧૬-૧-૨૫ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાષ્ટ્રીય શાળા હોલ, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. (પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

## સોમનાથ-વેરાવળમાં મકરસંક્રાંતિ નિમિતે કીટનું વિતરણ કરાયું



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૫ સોમનાથ વેરાવળમાં રાઘવ સેવા મંડળ વેરાવળ દ્વારા દાતા સેવાભાવીના સહયોગથી મકરસંક્રાતિના પર્વ નિમિત્તે જરૂરીયાતમંદ ૧૦૦ લાભાથીઓને મમરાના લાડુ, માંડવીની ચીકી, તલ ચીકી, માવા ચીકી, બીસ્કીટ, તલના લાડુ, રોકડ ભેટ સાથે વસ્ત્રોની જોડ સહિત દર મહિને ઘર ઉપયોગી કીટ આપવામાં આવે છે. વર્ષનું ૬૦ કીલો અનાજ (ઘંઉ, બાજરો, ચોખા) તબક્કાવાર આપવામાં આવે છે. આ સત્કાર્યોમાં સેવાભાવીઓ ભનુભાઈ ચોપડા, મહેશભાઈ દીનેશ વૈધ, અનીલ તના, ગોવિંદ ભાઈ ગીરીશભાઈ રતીલાલ સેવા આપી રહયા છે.

**पश्चिम रेलवे-राजकोट मण्डल**

**ટેન્ડર માટેની સૂચના(એનઆઈટી)**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડિવિઝનલ રેલ્વે મેનેજર (સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001, નીચે જણાવેલ કાર્ય માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર: DRM-RJT-24-25 SnT-E-14 DT.10-01-2025. કાર્યનું નામ:** રાજકોટ વિભાગ: રાજકોટ વિભાગ પર મોડપુર - નીલમ વિભાગ વચ્ચે માનવરહિત લેવલ ક્રોસિંગ ગેટ પર વોઇસ લોગર માસ્ટર-સ્લેવ કોમ્યુનિકેશન અને અન્ય સંબંધિત ટેલિકોમ્યુનિકેશન કાર્યોની જોગવાઈ. **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 3328898.48/- **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 66600/- **ટેન્ડર ફોર્મ કિંમત:** ₹ 00.00 (ફક્ત શૂન્ય) પેરા-3, GCC-જુલાઈ - 2022 મુજબ. **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ:-06-02-2025 ના 15:30 કલાક સુધી. વેબસાઇટ: www.ireps.gov.in

અમને લાઇક કરો: facebook.com/WesternRly 150

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**'એસએલઆર લીઝિંગ' ના કરાર માટે ઇ-ઓક્શન**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર ની ઓફિસ, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ–360001; **નં. C 78/ LEASING/E-AUCTION/Publication/2022.** 'લીઝિંગ ઓફ SLR' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યા છે. સૂચિ IREPS વેબસાઇટ પર પહેલેથી જ ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નં.: E-SLR-RJT-9-24 | કોન્ટ્રાક્ટનો પ્રકાર: SLR નું લીઝિંગ |
|---|---|

| Seq No | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|
| AA/1 | 16734-SLR-R1-OKHA-RMM-24-1 | 02 વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા. 27.01.2025 ના 10:00 કલાકે શરૂ થશે. પ્રારંભિક કુલીંગ ઓફ અવધિ 30 મિનિટ છે. સફળ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. લોટ વાઈઝ બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. |
| AA/2 | 22717-SLR-F2-RJT-SC-22-1 | | |
| AA/3 | 22717-SLR-F1-RJT-SC-22-1 | | |
| AA/4 | 16613-SLR-R1-RJT-CBE-22-1 | | |
| AA/5 | 22969-SLR-R1-OKHA-BSBS-24-2 | | |
| AA/6 | 22939-SLR-F1-OKHA-BSP-25-1 | | |
| AA/7 | 22939-SLR-R1-OKHA-BSP-25-1 | | |
| AA/8 | 19565-SLR-F1-OKHA-DDN-25-1 | | |

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 151

# જૂનાગઢ શહેર-જીલ્લા ભાજપ પ્રમુખની ગમે ત્યારે જાહેરાત થશે

## નવા પ્રમુખ કોણ બનશે ? સસ્પેન્સ ઉપરથી પડદો ઉઠી જશે

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેર અને જીલ્લા ભાજપનાં નવા પ્રમુખની આજે ગમે ત્યારે જાહેરાત કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે. આ બંને પદ પ્રમુખોની નિમણુંક ઉપર તમામની મીટ મંડાયેલી છે.

જૂનાગઢ સહિત રાજયનાં મહાનગરમાં શહેર ભાજપ પ્રમુખ અને જીલ્લા ભાજપ પ્રમુખની વરણી માટેનો તખ્તો ગોઠવાયો હતો. જેના પ્રથમ તબકકામાં સેન્સ લેવાની જીલ્લા મથકોએ શહેર ભાજપ કાર્યાલય અને જીલ્લા ભાજપનાં કાર્યાલયમાં પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી અને આ જ સમયે ખાસ કરીને જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ બનવા માટે તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે સંખ્યાબંધ દાવેદારોએ નામો નોંધાવ્યા હતા. આ સાથે આંતરીક જુથવાદ, ખેંચાખેંચી અને પક્ષ પ્રમુખનો તાજ ધારણ કરવા માટેનું લોબીંગ શરૂ થઈ ગયું હતું. જો કે મોટાભાગના સ્થળોએ ભાજપની આંતરીક જુથબંધી બહાર આવી હતી. નાના કાર્યકરોથી લઈ સંગઠનનાં પદાધિકારીઓમાં કેટલાક નામો સામે ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો.

ભાજપના શહેર પ્રમુખ અને જીલ્લા પ્રમુખ પદ માટેનો વરણીનો પ્રશ્ન પેચીદો બની ગયો હતો. પ્રદેશનાં નેતાઓ માટે પસંદગીનું કામ મુશ્કેલ બની ગયું હતું ખાસ કરીને જૂનાગઢ મહાનગરપાલીકાની ચુંટણી પણ નજીક છે તેવા સંજોગોમાં તમામ બાબતોને આવરી લેવા માટે ખુબ મનોમંથન કરવું પડે તેવી પરિસ્થિતી ઉભી થઈ હતી. એક તકે નવી નિમણુંક માટે રાહ જોવી પડે તેવા માહોલ ઉભો થયો હતો પરંતુ ગઈકાલે કર્મુહતા પુરા થયા છે અને નવી નિમણુંક હવે કરી નાખવાનો માર્ગ મોકળો થયો છે. આ સાથે જ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ જોગાનુજોગ આજે ગુજરાતની મુલાકાતે છે ત્યારે તેઓનું માર્ગદર્શન પણ લેવાઈ રહયું છે. એક તકે એમ કહી શકાય કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નામાવલીની સુચી બતાવી અને તેઓનાં અભિપ્રાય લેવાયા બાદ આજે ગમે ત્યારે જૂનાગઢ શહેર અને જીલ્લા ભાજપનાં પ્રમુખ તરીકેની વરણી અંગેની જાહેરાત કરી નાખવામાં આવશે અને જે અંગે તમામની મીટ મંડાયેલી છે.

# કેશોદ તાલુકાના ચર ગામે આધેડની હત્યા

## મૃતકનાં પુત્રની ફરીયાદનાં આધારે બાજુની જમીનનું ભાગીયું રાખતાં શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૫

કેશોદના ચર ગામે ધારમાં આવેલ વાડી વિસ્તારમાં રહેતાં આધેડ ખેડૂતને બોથડ પદાર્થ વડે ઘા ઝીંકી દઈ મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે મૃતકના પુત્રની ફરિયાદ આધારે બાજુમાં આવેલ તેના કાકાની ખેતીની જમીનનું ભાગીયું રાખનાર વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે મૃતકના પુત્ર કૌશીક ખીમાણંદભાઈ બોરખતરિયાએ પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ જેમની હત્યા કરવામાં આવી તે તેના પિતા ખીમાણંદભાઈ માલદેભાઈ બોરખતરિયાની ગામથી પૂર્વ તરફ ચરથી કેશોદ તરફ જતાં બાલાગામ રસ્તે વાડી આવેલી છે. રવિવારની રાત્રીના ખીમાણંદભાઈ એકલા ઓસરીમાં ઉંઘતા હતાં ત્યારે ફરિયાદીના કાકાની વાડીનું ભાગ્યું રાખતાં લીલા ભીખાભાઈ ડાભી એ તેના પર હુમલો કરી ખીમાણંદ ભાઈના હત્યા નીપજાવી હતી. ઘટના સમયે મરણ જનાર પત્ની અને પુત્ર દવાખાનાના કામ સબબ જૂનાગઢ ગયેલ હોય એક માત્ર પુત્રવધુ એકલા ઘરમાં સુતા હતા ત્યારે હત્યારાએ તેના બારણાનું સ્ટોપર બંધ કરી આધેડની હત્યા કરી નાખી હતી. તો બીજી તરફ હત્યારો બાજુમાં આવેલ ફરિયાદીના કાકાના ખેતરનું ભાગીયુ રાખતો હોય પતિ - પત્ની અને બે પુત્રીઓ સાથે રહેતો હતો, પરંતુ હત્યાનું પૂર્વે આયોજીત કાવતરૂ થયું હોય તેવા અનુમાન સાથે હત્યારાએ તેની પત્ની બે પુત્રીને તેના સબંધી ને ત્યાં મોકલી દીધા હતા

જ્યારે ફરિયાદીના કાકાની વાડીએ આવેલ ઓરડામાં તેના દાદા સુતા હોય ત્યાં જ રહેતો હત્યારો હત્યા કરે તે પહેલાં ફરિયાદીના દાદા બહાર ન નીકળે તેથી ત્યાં પણ દરવાજાને સ્ટોપર લગાવી દીધી હતી. આ હત્યાની ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળ દોડી આવી હતી અને ત્યાં હાજર ડોકટરે ખીમાણંદભાઈને મૃત ઘોષીત કર્યા હતાં ત્યાર બાદ સ્થાનિક પોલીસ સ્ટાફ, ડોગ સ્કોવડ અને એફએસએલ ટીમે ઘટના સ્થળે તપાસ હાથ ધરી પંચનામું, સાક્ષીઓ અને મૃતકના પરિવારના નિવેદનો નોંધ્યા હતી. આધેડની હત્યા થવા પાછળ આરોપી એ ફરીયાદીના પાડોશમા ખેતર ધરાવતા હરેશભાઈ ને તેની પત્નીની ચાલ ચલગત વિશે વાત કરતાં સારુ ન લાગતાં હરેશભાઈએ આ વાત ખીમાણંદભાઈને કરતા ખીમાણંદભાઈએ આરોપીને આવી વાતો ન કરવા ઠપકો આપ્યો હતો જેનુ મનદુખ રાખી આરોપીએ ખીમાણંદભાઈની હત્યા નીપજાવી હતી તેવું અનુમાન લગાવવામાં આવ્યું હતું આ હત્યાના પગલે મરણ જનારનો પરિવાર શોકમાં ગરકાવ થયો હતો. મૃતકના પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કેશોદ પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા જુદી જુદી દિશામાં તપાસ હાથ ધરી છે. જયારે આરોપી ખીમાણંદભાઈ ઉપર હુમલો કરી રહ્યો હતો ત્યારે પુત્રવધુએ જુનાગઢ ખાતે તેના ફરિયાદી એવા પતિ કૌશિકને ફોન કરતાં જણાવ્યું કે હું આપણા ઘરના રૂમની અંદર છુ રૂમનો દરવાજો કોઈએ બંધ કરી દીધેલ છે અને બાપુજી બહાર છે અને એને કોઈ માર મારે છે અને બાપુજી રાડો નાખે છે તમે કોઈને મોકલો તેવી વાત કરતાં કૌશિકભાઈએ વાત કરતા પાડોશી હરેશભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. ત્યાં તો ખીમાણંદભાઈ લોહીથી લથપથ હતાં. અને જીવ ગુમાવી દીધો હતો. આમ હત્યાનો બનાવ બનતા આ પંથકમા ચકચાર મચી ગઈ હતી.

# ૧ ફેબ્રુઆરીએ રીબડામાં સ્વ. મહિપતસિંહ જાડેજાની દ્વિતિય પૂણ્યતીથિ નિમિતે મહારકતદાન કેમ્પ

## ઈન્ડસ્ટ્રીયલ એસો.ની બેઠકમાં વધુમાં વધુ રકતદાન થાય તે માટે આયોજન કરાયું : રાજકદિપસિંહ જાડેજાએ રકતદાન કરવા અપીલ કરી




જૂનાગઢ તા. ૧૫

ક્ષત્રિય સમાજનાં આગેવાન અને માજી ધારાસભ્ય સ્વ. મહિપતસિંહજી ભાવુભા બાપુ જાડેજા - રીબડાની આગામી તા. ૧ ફેબ્રુઆરીને શનિવારનાં રોજ દ્વિતિય પૂણ્યતિથિ હોય જે નિમિતે RAR ફાઉન્ડેશન ભારતનાં સંસ્થાપક રાજદીપસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા દ્વારા શ્રી મહિરાજ બજરંગબલી મંદિર પાછળ નેશનલ હાઈવે રીબડા ખાતે સવારે ૯ વાગ્યથી બપોરે ૨ કલાક સુધી મહારકતદાન કેમ્પનું આયોજન થેલેસેમીયા તથા ગંભીર બિમાર દર્દીઓ માટે કરવામાં આવ્યું છે. રીબડા ઈન્ડસ્ટ્રીયલ ઝોનનાં મહાસંમેલનમાં અનિરૂધ્ધસિંહજી જાડેજા તથા ઈન્ડસ્ટ્રીયલ સાથે સંકળાયેલ ઉદ્યોગપતિશ્રીઓ તેમજ સતુભા જાડેજા વગેરે ઉપસ્થિત રહયા હતા જેમાં રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટ તથા આજુબાજુનાં લોકો ઉપરાંત ગુજરાતની ધીંગી ધરાનાં ૧૮ વર્ણ, સર્વજ્ઞાતિ સમાજનાં આગેવાનો આ રકતદાન કેમ્પમાં ઉપસ્થિત રહી રકતદાન કરવા પણ અપીલ કરી હતી. શ્રી રાજદીપસિંહે વધુમાં જણાવેલ કે, રીબડા જીઆઈડીસીનાં આ સ્નેહમીલનમાં સૌને શુભેચ્છા પાઠવું છું તેમજ આગળ કાર્ય માટે ચર્ચા કરવામાં આવી હતી તેમજ અમારા દાદાની તા.૧ ફેબ્રુઆરીએ દ્વિતિય પૂણ્યતીથિ હોય તે નિમિતે મહારકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. ગત વખતે ૧૫૦૦ બોટલનો ટાર્ગેટ હતો અને ૩૭૯૦ બોટલ થઈ હતી. આ વખતે ૫૦૦૦ બોટલનો ટાર્ગેટ છે. દરેકને આ સેવા કાર્યમાં જોડાવા આહવાન કરૂ છું તેમ અંતમાં જણાવેલ અને સત્યજીતસિંહ (સતુભા) જાડેજાએ પણ સૌને રકતદાન કરવા અપીલ કરી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ૪ અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના જીઆઈડીસી-૨, કેશોદ, માંગરોળ અને માળીયા હાટીના પંથકમાં ૪ અપમૃત્યુના બનાવો નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે દિલીપભાઈ પુનવાસિંહ ભારથીએ જાહેર કરેલ કે મૃતક સુમન દિલીપભાઈ ભારથી(ઉ.વ.૧૫)એ કોઈ કારણોસર દવા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. કેશોદ થાણે શાંતીબેન રમેશભાઈ મહિડાએ જાહેર કરેલ કે મૃતક નેમીષભાઈ મહેશભાઈ મહીડા (ઉ.વ.૨૪)એ કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. માંગરોળના મચ્છી માર્કેટ પાસે રહેતા રીઝવાન યુસુભાઈ પાટણવાળા (ઉ.વ.૨૮)નો મગજની બીમારી હોય જેની દવા ચાલુ હોય જેથી લાગી આવતા પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના માતા સાબીરાબેને માંગરોળ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે જયારે માળીયા હાટીના પોલીસ મથકે જેન્તીભાઈ મુંજાભાઈ ધુળાએ જાહેર કરેલ કે મૃતક પરીતાબેન મયુરભાઈ રાઠોડ (ઉ.વ.૨૭)એ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ભેંસાણના રાણપુર ગામે સરકારી જમીન પર કબ્જો કરનાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

ભેંસાણ તાલુકાના રાણપુર ગામે સરકારી જમીન પર કબ્જો કરી વાવેતર કરનાર વિરૂધ્ધ ભેંસાણ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે ભેંસાણના મામલતદાર આઈ.આર.પારગીએ ફરીયાદી બની આરોપી તરીકે ભરત ગોકળ ભેસાણીયા અને બટુક ગોકળ ભેંસાણીયા રહે.બંને રાણપુરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ રાણપુર ગામના સરકારી જમીન ખેતખાતા નં.૪૯૧ સર્વે નં.૫૦૧/૨ હે.આરે., ૨૨૭.૯૪ ચો.મી. જમીનમાં ગેરકાયદેસર રીતે કબ્જો કરી તેમાં વાવેતર કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

## જૂનાગઢ ગીરીવર ગિરનાર શક્તિપીઠ અંબાજી માતાના ભાવપૂર્વક દર્શન કરતાં લેડી ગવર્નર



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ ગિરનાર શક્તિપીઠ અંબાજી મંદિર માતાજીની પુરા ભાવ સાથે પૂજા અર્ચના અને આરતી કરતા લેડી ગવર્નર દર્શનાબેન અને તેમના પરિવારે માતાજીના દર્શન અને પૂજન અર્ચન કર્યા હતા. મંદિર ટ્રસ્ટ વતી પૂજારીઓએ માતાજીની ચુંદડી પ્રસાદી ભેટ આપી માતાજીના રૂડા આશીર્વાદ આપ્યા હતા.


ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહીં, ઘોરવું | તાજુ પનીર | ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા તેમજ સ્ટેશનરીઓ મેળવવા માટે સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરી શો-રૂમમાં કામ કરી શકે
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨